

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 306
Dt.: 17-07-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa

# ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક-પૌરાણિક રથયાત્રા નીકળી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક અને પૌરાણિક રથયાત્રા ગુરુવારા રોજ અમદાવાદના જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરેથી ભક્તિભાવ વચ્ચે નીકળી છે. અષાઢી બીજના પવિત્ર અવસરે વર્ષમાં એકવાર ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળીને લાખો ભક્તોને દર્શન આપે છે. આ વર્ષે પણ રથયાત્રાને લઈને શહેરમાં ભક્તિનો માહોલ છવાયો છે અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આજે હમણા સુધીની તમામ યાત્રાઓ કરતાં ખૂબ જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દેશ અને રાજ્યના અલગ અલગ ભાગોમાંથી અમદાવાદ ખાતે પધાર્યા છે. સૌ ભગવાન જગન્નાથજીના ભક્તોને ખૂબ સારી રીતે યાત્રાના દર્શન થઈ શકે તે માટે ૩૦ હજાર જેટલા પોલીસ જવાનોની ગોઠવણ કરવામાં આવી હતી. આજે આખા યાત્રાના રૂટમાં ચારેય દિશાઓથી જય રણછોડ, જય રણછોડના નારાથી યાત્રાનું અદભુત સ્વાગત કરવામાં આવ્યું છે. હું તમામ સમાજના અગ્રણીઓને અભિનંદન આપું છે. લગભગ ૧૦ લાખથી વધુ લોકો દર્શનાર્થે આ યાત્રામાં જોડાયા છે. ક્યારે ન જોયા હોય તેટલા ભક્તો આ વખતે રથયાત્રામાં દર્શન માટે જોડાયા છે. અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ભવ્ય નજારો જોવા મળ્યો છે. નગરના નાથ ભગવાન જગન્નાથજી ભક્તોને દર્શન આપવા માટે નીકળ્યા ત્યારે રસ્તાઓ પર શ્રદ્ધાળુઓનો માનવ મહાસાગર ઉમટી પડ્યો હતો. ભક્તો પોતાના કાનાજી લઈને રથયાત્રામાં જોડાયા હતા.



અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા દરમિયાન ભારે ગરમી અને અસહ્ય બફારાને ધ્યાનમાં રાખીને ભક્તો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર રથયાત્રા માર્ગ પર વિવિધ સ્થળોએ પાણીના ફૂવારા દ્વારા સતત પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો હતો, જેથી દર્શનાર્થીઓને ગરમીમાંથી રાહત મળી રહે. મોટી સંખ્યામાં ઉમટી પડેલા ભક્તોએ પણ આ વ્યવસ્થાનું સ્વાગત કર્યું હતું. ભક્તિ અને સેવાના અનોખા સમન્વય સાથે રથયાત્રામાં ગરમી સામે રાહત આપતો આ પ્રયાસ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

રથયાત્રાને લઈને અમદાવાદ પોલીસ દ્વારા અભેદ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સમગ્ર રથયાત્રા રૂટ પર સીસીટીવીના રૂટ પરથી નજર રાખવામાં આવી રહી છે. રથયાત્રાના રૂટ પર હજારો પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. CCTV કેમેરા, ડ્રોન, ફેસ રેકગ્નિશન ટેક્નોલોજી, કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ અને વિશેષ પોલીસ દળોની મદદથી સમગ્ર યાત્રા પર સતત નજર રાખવામાં આવી રહી છે. અમદાવાદમાં જગન્નાથજીની રથયાત્રા નીકળે અને મોસાળમાં ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાજીના દર્શનની ભક્તો આતુરતાથી રાહ જોતા હોય છે. ત્યારે મોસાળ સરસપુરમાં ૧૭ જેટલી પોળમાં રસોડા ધમધમે છે. જેમાં ૧૫ હજાર ભક્તો માટે પ્રસાદીની વ્યવસ્થા થાય છે. ત્યારે સરસપુરમાં ભક્તોના આગમન સાથે જમણવાર પણ શરૂ કરવામાં આવ્યો હતો.

અમદાવાદની વિશ્વવિખ્યાત ભગવાન જગન્નાથજીની રથયાત્રાને વિધિવત પ્રારંભ થયો છે. ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાજી ભક્તોને દર્શન આપવા માટે નગરચર્યાએ નીકળ્યા છે. ત્યારે નગરયાત્રામાં વિવિધ ટેબ્લો, કરતબો આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

ગજરાજને નિયંત્રણમાં રાખવા માટે તેમના પગમાં સુરક્ષાત્મક સાંકળ બાંધવામાં આવી છે અને અનુભવી મહાવતોની ખાસ ટીમ તૈનાત કરવામાં આવી છે. મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝા પણ પરંપરા મુજબ પગપાળા રથયાત્રામાં જોડાયા છે. બીજી તરફ, સમગ્ર માર્ગ પર રસ્તાની બંને બાજુ મોટી સંખ્યામાં ભક્તો ભગવાન જગન્નાથજીના દર્શન માટે આતુરતાપૂર્વક ઉભા રહી ભક્તિભાવથી જયઘોષ કરી રહ્યા છે. રથયાત્રાના ભવ્ય દ્રશ્યો આસ્થાના અનોખા રંગો રજૂ કરી રહ્યા છે. અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ભવ્ય નજારો જોવા મળ્યો છે. નગરના નાથ ભગવાન જગન્નાથજી ભક્તોને દર્શન આપવા માટે નીકળ્યા ત્યારે રસ્તાઓ પર શ્રદ્ધાળુઓનો માનવ મહાસાગર ઉમટી પડ્યો હતો. રથયાત્રાના ડ્રોન દ્રશ્યોમાં ભક્તોની અતૂટ આસ્થા અને ઉત્સાહનો અદભૂત નજારો કેદ થયો હતો. રથયાત્રાના અવસરે રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીનો અનોખો અંદાજ જોવા મળ્યો હતો. રથયાત્રા પૂર્વે તેમણે ભક્તો વચ્ચે જઈ ભાવિકો માટે પોતાના હાથે પૂરી તળી હતી, જેના કારણે ત્યાં ઉપસ્થિત લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. રથયાત્રા દરમિયાન ભક્તોને પ્રસાદ અને ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવતા સેવાકાર્યમાં હર્ષ સંઘવીએ પણ સહભાગી બની સેવા આપી હતી. તેમની આ અનોખી શૈલી લોકોમાં ચર્ચાનો વિષય બની છે. આ ઉપરાંત હર્ષ સંઘવીએ રથયાત્રાના સમગ્ર રૂટની મુલાકાત લઈને સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. અધિકારીઓ પાસેથી તેમણે બંદોબસ્ત અંગે માહિતી મેળવી અને ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે જરૂરી સૂચનાઓ પણ આપી હતી. ૧૪૯મી રથયાત્રાને લઈને સમગ્ર અમદાવાદમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને લાખો શ્રદ્ધાળુઓ ભગવાન જગન્નાથજીના દર્શન માટે ઉમટ્યા હતા.

### ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ તબાહ

## અમેરિકા-ઈરાન તણાવ ચરમસીમાએ; હોર્મુઝ સ્ટ્રેટ પર બીજો મોટો પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં સૈન્ય તણાવ અત્યંત ખતરનાક સ્તરે પહોંચી ગયો છે. અમેરિકાએ ઈરાન સામેની સૈન્ય કાર્યવાહીના સતત પાંચમા દિવસે પણ ઈરાની સૈન્ય ઠેકાણાઓ પર ભીષણ હુમલા ચાલુ રાખ્યા છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ ના જણાવ્યા અનુસાર, હોર્મુઝ જળડમરુમધ્યમાં ઈરાનના બંદરો પર લાદવામાં આવેલી નાકાબંધી તોડવાનો પ્રયાસ કરી રહેલા એક ખાલી ઓઈલ ટેન્કરને અમેરિકી એરક્રાફ્ટે હેલફાયર મિસાઈલો દાગીને નિષ્ક્રિય કરી દીધું છે, જેથી તે આગળ વધી શક્યું નથી.અમેરિકા દ્વારા કરવામાં આવેલા આ હવાઈ હુમલાના નવા રાઉન્ડ બાદ ઈરાનના અનેક વિસ્તારો ધડાકાઓથી ગુંજી ઉઠ્યા હતા. જેમાં દક્ષિણના મુખ્ય બંદર શહેર બંદર અબ્બાસ, તેમજ અહવાઝ અને ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાતા ચાબહાર શહેરનો સમાવેશ થાય છે. ઈરાની સરકારી મીડિયાના અહેવાલ મુજબ, અહવાઝમાં કેન્સર પીડિત બાળકોની હોસ્પિટલ (શાહિદ બગાઈ હોસ્પિટલ) ની નજીક જ અમેરિકી મિસાઈલ પડવાને કારણે દર્દીઓ અને તેમના પરિવારોને તાત્કાલિક ત્યાંથી ખસેડવા પડ્યા હતા. આ આસપાસના રહેણાંક વિસ્તારો અને મકાનોની બારીઓના કાચ તૂટી ગયા હોવાના અહેવાલ છે.વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, આ સમગ્ર સૈન્ય ઓપરેશન આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સીધા નિર્દેશ પર હાથ ધરવામાં આવ્યું છે. અમેરિકાનો દાવો છે કે ઈરાન આંતરરાષ્ટ્રીય જહાજોને ડરાવવા અને વૈશ્વિક વેપાર ખોરવવાનું કામ કરી રહ્યું હતું. બુધવારે બપોરે ૩:૦૦ વાગ્યે શરૂ થયેલી આ બીજી મોટી સૈન્ય કાર્યવાહીને કારણે વૈશ્વિક બજાર અને ક્રૂડ ઓઈલની સપ્લાય ચેઈન પર મોટું સંકટ ઊભું થયું છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ૧૩ એપ્રિલથી ૧૮ જૂન દરમિયાન પણ અમેરિકાએ ઈરાની બંદરો બ્લોક કરીને ૯ જહાજો નિષ્ક્રિય કર્યા હતા અને ૧૪૦ થી વધુ જહાજોના રૂટ ડાયવર્ટ કર્યા હતા.

## રશિયાએ કીવ પર ખતરનાક હથિયારો વડે હુમલા શરૂ કર્યાઃ યુક્રેનની વળતા પ્રહારની ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)કીવ

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું ભીષણ યુદ્ધ રોકાવાનું નામ નથી લઈ રહ્યું. વહેલી સવારે રશિયાએ યુક્રેનની રાજધાની કિવને નિશાન બનાવીને બેલિસ્ટિક મિસાઈલોથી મોટો હુમલો કર્યો છે. હુમલા દરમિયાન કિવ શહેર શક્તિશાળી વિસ્ફોટોના અવાજોથી ધણધણી ઉઠ્યું હતું. જ્યારે યુક્રેનની એર ડિફેન્સ સિસ્ટમ રશિયન મિસાઈલોને હવામાં જ તોડી પાડવા માટે સતત કાર્યરત જોવા મળી હતી. યુક્રેનની વાયુસેનાએ પાટનગર કિવ પર હજુ પણ વધુ મિસાઈલ હુમલા થવાની ચેતવણી જાહેર કરી છે અને નાગરિકોને સુરક્ષિત બંકરોમાં જ રહેવા માટે કડક અપીલ કરી છે. ચાલુ જુલાઈ મહિનામાં રશિયા તરફથી કિવ પર કરવામાં આવેલો આ ૭મો મોટો અને ઘાતક હુમલો છે. જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે ભયનો માહોલ છે.

### મેટા આશરે આઠ હજાર જેટલા કર્મચારીઓની છટણી કરશે

## મેટાએ મેટરનિટી જેવી રજા લેનારાને જ છૂટા કરવા એઆઈનો ઉપયોગ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈ અનેક લોકોની નોકરી ભરખી ગયું છે. એઆઈનો ઉપયોગ માત્ર કર્મચારીઓનું કામ છીનવી લેવા માટે નથી થઈ રહ્યો હવે તો જે છટણી માટે કર્મચારીઓની પસંદગી કરવા પણ એઆઈનો ઉપયોગ થવા લાગ્યો છે.

આવો જ એક મામલો અમેરિકાની કોર્ટમાં પહોંચ્યો છે જેમાં દાવો કરાયો છે કે મેડિકલ લીવ પર ગયેલા કર્મચારીઓની છટણી માટે પસંદગી કરવા મેટાએ એઆઈનો ઉપયોગ કર્યો જે ભેદભાવ છે.ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ સાથે જોડાયેલી માર્ક ઝુકરબર્ગની કંપની મેટા સામે અમેરિકાના કેલિફોર્નિયાના ઓકલેન્ડમાં ફેડરલ કોર્ટમાં કંપનીના જ પૂર્વ અને વર્તમાન કર્મચારીઓને ભેદભાવના દાવા સાથે અરજી કરી છે.

કર્મચારીઓનો આરોપ છે કે મેટા કંપની છટણી માટે કર્મચારીઓની પસંદગી કરવા એઆઈનો ઉપયોગ કરી છે, જેમાં એવા કર્મચારીઓને વિશેષ ટાર્ગેટ કરવામાં આવે છે કે જેઓએ ઈમર્જન્સી અથવા મેડિકલ કારણોસર રજા લીધી હોય. મેટા આશરે આઠ હજાર જેટલા કર્મચારીઓની છટણી કરવા જઈ રહી છે.

મેટા સામે કોર્ટમાં ફરિયાદ કરનારા કર્મચારીઓમાં એવા પણ સામેલ છે કે જેઓએ મેટરનિટી, સ્વાસ્થ્ય સંબંધી રજાઓ લીધી હતી, રજાના આ સમયગાળા દરમિયાન તેઓ કામ નહોતા કરી શક્યા તેથી તેમનો કામકાજનો રિપોર્ટ તૈયાર કરાયો તેમાં તેમને નબળા દર્શાવવામાં આવ્યા. કેટલાક કર્મચારીઓ એવા છે કે જેમનું સ્વાસ્થ્ય બહુ જ ખરાબ હતું અને રજા લીધી હતી. આ રજાઓ મેટાએ ખુદ મંજૂર કરી હતી. એક કર્મચારીનો દાવો હતો કે તે દિવ્યાંગ હોવા છતા તેના માટે મેટા દ્વારા યોગ્ય વ્યવસ્થા નહોતી કરવામાં આવી. જે પણ કર્મચારીઓએ મેટા સામે કેસ કર્યો છે તેમાંથી મોટાભાગના એવા છે કે જેમણે મેટરનિટી લીવ લીધી હતી. જેમાં મહિલાઓ વધુ છે. મેટાએ આવા લોકોને ટાર્ગેટ કરીને અમેરિકાના કાયદાઓનો ભંગ કર્યો છે જેમાં ફેમિલી એન્ડ મેડિકલ લીવ એક્ટ, અમેરિકન્સ ડિસએબિલિટી એક્ટ, પ્રસુતિ સાથે સંકળાયેલા ભેદભાવનો કાયદો, ગર્ભવતી કર્મચારીઓ માટેના કાયદાઓનો ભંગ કરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

## અમેરિકા-ઈરાન યુદ્ધની અસરઃ ભારતે ડીઝલ અને ફ્યુઅલ જેટ ઈંધણની નિકાસ પર ટેક્સ વધાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સંઘર્ષના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો સતત વધી રહી છે. આ વૈશ્વિક કટોકટી વચ્ચે ભારત સરકારે દેશમાં ઈંધણની તંગી અને મોંઘવારી રોકવા માટે મોટો નિર્ણય લીધો છે. સરકારે ડીઝલ અને જેટ ઈંધણ (ATF)ના નિકાસ પરના વિન્ડફોલ ટેક્સમાં મોટો વધારો ઝીંકી દીધો છે. આ નવા દરો આજથી એટલે કે ગુરુવાર, ૧૬ જુલાઈથી જ અમલી બની ગયા છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આદેશ અનુસાર, ડીઝલના નિકાસ પરનો વિન્ડફોલ ટેક્સ પ્રતિ લીટર ૮.૫ રૂપિયાથી સીધો વધારીને ૧૫.૫૦ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિમાનમાં વપરાતા એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) એટલે કે જેટ ઈંધણ પરનો ટેક્સ પણ પ્રતિ લીટર ૭.૫૦ રૂપિયાથી વધારીને ૧૪.૫ રૂપિયા કરવામાં આવ્યો છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ મોંઘું થતાં સરકારે નિકાસને અંકુશમાં લેવા આ પગલું ભર્યું છે.

આર્થિક વિશ્લેષકોના મતે, સરકારના આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ દેશની અંદર પેટ્રોલ, ડીઝલ અને જેટ ઈંધણની કિંમતોને નિયંત્રણમાં રાખવાનો છે.

જો સરકાર નિકાસ પરનો ટેક્સ ન વધારે, તો ભારતની ખાનગી રિફાઈનિંગ કંપનીઓ વધુ નફો કમાવવાની લાલચમાં સ્થાનિક બજારમાં સપ્લાય કરવાને બદલે વિદેશોમાં ઈંધણ મોકલવાનું વધારી દે.

જો એવું થાય તો ભારતમાં ઓઈલની ભારે તંગી સર્જાય અને મોંઘવારી આસમાને પહોંચી શકે છે, જેને રોકવા સરકારે આ વ્યૂહનીતિ અપનાવી છે.

નિકાસ પર ટેક્સ વધવાને કારણે રિફાઈનરી કંપનીઓ માટે વિદેશમાં ડીઝલ વેચવું મોંઘું પડશે, જેથી તેઓ સ્થાનિક બજારમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવશે. દેશમાં ડીઝલનો પૂરતો સ્ટોક રહેવાથી માલસામાનની હેરફેરનો ખર્ચ (ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ) સ્થિર રાખવામાં મદદ મળશે. આના કારણે સામાન્ય જનતા પર જીવનજરૂરી ચીજવસ્તુઓની મોંઘવારીનો સીધો અને તાત્કાલિક બોજ નહીં પડે. બીજી તરફ, જેટ ઈંધણ (ATF) પર નિકાસ ટેક્સ વધારવાના કારણે દેશની સ્થાનિક એરલાઈન્સ કંપનીઓ માટે ઈંધણની અછત નહીં સર્જાય. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલ મોંઘું થવાને કારણે વૈશ્વિક બજારમાં જેટ ઈંધણની કિંમતો ઊંચી રહેશે. આ સ્થિતિને જોતાં આગામી દિવસોમાં એરલાઈન્સ કંપનીઓ ભાડામાં વધારો કરી શકે છે, જેનાથી સામાન્ય લોકો માટે હવાઈ સફરની ટિકિટો મોંઘી થવાની પૂરેપૂરી શક્યતા છે.

## સરકાર કે મુખ્યમંત્રીની ટીકાને રાષ્ટ્ર સામે યુદ્ધ છેડયાનું ગણી શકાય નહીં : પૂણે હાઈકોર્ટની મહત્વપૂર્ણ ટિપ્પણી

(સંપૂર્ણ સમાચાર સેવા)પુણે

સરકાર કે મુખ્યમંત્રીની ટીકાને રાષ્ટ્ર સામે યુદ્ધ છેડયાનું ગણી શકાય નહીં. દરેક નાગરિકને સરકારનાં કાર્યો પર ટિપ્પણી કરવાનો, પ્રશંસા કરવાનો અને ટીકા કરવાનો અધિકાર છે એમ પુણેની એક કોર્ટે એનસીપી એસપીના એક પદાધિકારીને જામીન આપતાં જણાવ્યું હતું.આ વર્ષે એપ્રિલમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના મોર્ફ કરેલા ફોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ફરતા કરવા અને નકસલવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતી સામગ્રી પોસ્ટ કરવાના આરોપસર શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી)ના સોશિયલ મીડિયા વિંગના રાજ્ય સ્તરના વડા, બાલગુડેની ધરપકડ કરવામાં આવી હતી.અન્ય કલમો ઉપરાંત, બાલગુડે પર ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૧૫૨ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો, જે ભારતની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને જાણી જોઈને અથવા હેતુપૂર્વક જોખમમાં મૂકવા સાથે સંબંધિત છે.એડિશનલ સેશન્સ જજ બી ડી કુલકર્ણીએ નોંધ્યું હતું કે કેસ પેપર્સ દર્શાવે છે કે અરજદારે અમુક કેસોમાં તપાસ પ્રક્રિયા અને સરકારી યોજનાઓની કામગીરી પર પ્રશ્ન ઉઠાવ્યો હતો, જે જાહેર ચર્ચાના ક્ષેત્રમાં આવે છે.રેકોર્ડ પર એવું કંઈ સૂચવતું નથી કે આરોપીએ રાજ્ય સામે યુદ્ધની ઘોષણા કરી હોય અથવા તેને ઉશ્કેર્યું હોય અથવા ભારતની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકતું કોઈ કૃત્ય કર્યું હોય. આ કેસમાં બીએનએસ કલમ ૧૫૨ની લાગુ પડે કે નહીં એ બાબત ચર્ચાપાત્ર છે, અને આરોપીઓ સામે દાખલ કરાયેલા બાકીના ગુનાઓ જામીનપાત્ર હતા.જામીન મંજૂર કરતા કોર્ટે બાલગુડેને એક કે બે જામીનદારો સાથે ૨૫,૦૦૦ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ ભરવાનો નિર્દેશ આપ્યો હતો. તેણે તેમને પુરાવા સાથે છેડછાડ ન કરવા કે સાક્ષીઓને પ્રભાવિત ન કરવા, તપાસ અધિકારીને પોતાનું રહેઠાણનું સરનામું અને મોબાઈલ નંબર આપવા અને કોર્ટની પૂર્વ પરવાનગી વિના દેશ છોડવા નહીં તે પણ નિર્દેશ આપ્યો હતો.




## તંત્રી લેખ......

# સુપ્રિયા સુળે બાદ હવે સંજય રાઉતે વિપક્ષનું ટેન્શન વધાર્યું

લોકસભામાં સીમાંકન બિલ પસાર કરાવવા લાગેલી નરેન્દ્ર મોદી સરકારને જોરદાર સમર્થન મળ્યું છે. કેન્દ્રની નીતિનો વિરોધ કરનારા શિવસેવા(UBT)ના નેતા સંજય રાઉતે સંકેત આપ્યા છે કે, તેમની પાર્ટી સીમાંકન બિલનો સપોર્ટ કરી શકે છે. તેમણે કહ્યું કે, વિપક્ષની પાર્ટીઓ સીમાંકન બિલનો વિરોધ કરશે. જો કે, સરકાર તેમણે જણાવેલા નવા સંશોધનો કરે છે તો સમર્થન વિચાર કરી શકે છે. NCP(શરદ પવાર)ના નેતા સુપ્રિયા સુલેએ બુધવારે(૧૫ જુલાઈ) કહ્યું કે, જો સરકાર તેમની માગ પૂરી કરે છે તો તેમની પાર્ટી આ બિલને લોકસભામાં સર્મથન કરી શકે છે. સુપ્રિયા સુલે પછી સંજય રાઉતે પણ સીમાંકન બિલ અંગે સકારાત્મક નિવેદન આપ્યું છે. સંજય રાઉત નાગપુરમાં પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. તેમણે આ ટિપ્પણીઓ શનિવારે શિવસેના (UBT)ના આગામી રામ રક્ષા આંદોલનના સંદર્ભમાં કરી હતી, જે અયોધ્યામાં રામ મંદિર માટે મળેલા દાનમાં કથિત અનિયમિતતાઓ સામે નિર્દેશિત છે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી(SP)ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુલેએ જણાવ્યું હતું કે, જો સીમાંકન બિલ NDA સરકારનો મુખ્ય કાયદાકીય એજન્ડા બધા રાજ્યોમાં બેઠકોમાં સમાન ૫૦ ટકા વધારા પર આધારિત છે, તો તેનો વિરોધ કરવાનું કોઈ નોંધપાત્ર કારણ રહેશે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આવા પ્રસ્તાવને ટેકો આપવાનો કોઈપણ નિર્ણય વિપક્ષી INDIA ગઠબંધનમાં પરામર્શ પછી જ લેવામાં આવશે. સરકાર ૨૦ જુલાઈથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર દરમિયાન બંધારણ (૧૩૧મો સુધારો) બિલ રજૂ કરવા માટે તૈયાર છે. આ બિલમાં લોકસભા બેઠકોની સંખ્યા વધારીને ૮૫૦ કરવાનો અને સીમાંકન પ્રક્રિયા શરૂ કરવાનો પ્રસ્તાવ છે. સુલેની ટિપ્પણી અંગેના પ્રશ્નના જવાબમાં રાઉતે જણાવ્યું હતું કે, આ સત્ર દરમિયાન બિલ રજૂ કરવામાં આવશે કે નહીં તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. જ્યારે બિલ રજૂ કરવામાં આવશે, ત્યારે આપણે બધા બેસીને નિર્ણય લઈશું. ભવિષ્યની કાર્યવાહી અંગે સામૂહિક નિર્ણય લેવામાં આવશે. રાજ્યસભાના સભ્ય સંજય રાઉતે વધુમાં જણાવ્યું હતું કે, તેઓ સીમાંકન બિલનો વિરોધ કરશે પરંતુ જો તેમના સૂચનો અનુસાર જરૂરી સુધારા કરવામાં આવે તો વિપક્ષ તેના પર વિચાર કરી શકે છે. NCP(SP)ના નેતા જયંત પાટિલ અને ફડણવીસ વચ્ચે થયેલી મુલાકાત અને શરદ પવારની પાર્ટીના ભાજપની આગેવાની હેઠળના શાસક મહાયુતિ ગઠબંધનમાં જોડાવાની અટકળો વિશે પૂછવામાં આવતા રાઉતે કહ્યું કે, મળતી માહિતી અનુસાર, પાટિલ તેમના મતવિસ્તારને લગતા મુદ્દા અંગે મુખ્યમંત્રીને મળવા ગયા હતા.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા ભાવનગર મંડળમાં સંરક્ષા, યાત્રી સુવિધાઓ અને રેલ-પોર્ટ સમન્વયની વ્યાપક સમીક્ષા



પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે એ પોતાના ભાવનગર મંડળના પ્રવાસ દરમિયાન તા. ૧૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ ભાવનગર પરા–ધોળા–પીપાવાવ રેલખંડનું વિન્ડો ટ્રેલિંગ સંરક્ષા નિરીક્ષણ કર્યા બાદ સાવરકુંડલા અને ધોળા જંક્શનનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું. આ પ્રસંગે ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રવાસ દરમિયાન મહાપ્રબંધકે ભાવનગર પરા સ્થિત અધિકારી કોલોની પરિસરમાં મંડળ રેલ પ્રબંધક તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે રેલવેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરી.

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે એ ભાવનગર મંડળના બે દિવસીય પ્રવાસ દરમિયાન રેલ સંરક્ષા, યાત્રી સુવિધાઓ, રેલવે અવસંરચના, સંચાલન કાર્યક્ષમતા તથા રેલ–પોર્ટ સમન્વયની વ્યાપક સમીક્ષા કરી. નિરીક્ષણ દરમિયાન તેમણે અધિકારીઓને સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં મુસાફરોને સુરક્ષિત, આધુનિક અને ગુણવત્તાસભર સેવાઓ ઉપલબ્ધ કરાવવા તેમજ માલ પરિવહન સેવાઓને વધુ કાર્યક્ષમ અને ગ્રાહકકેન્દ્રિત બનાવવા સૂચના આપી.

પ્રવાસના પ્રથમ દિવસે મહાપ્રબંધકે ભાવનગર પરા–ધોળા–પીપાવાવ રેલખંડનું વિન્ડો ટ્રેલિંગ સંરક્ષા નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે રેલપથ, પુલ-પુલિયા, સિગ્નલ અને દૂરસંચાર પ્રણાલી, સંચાલન વ્યવસ્થા, સંરક્ષા ધોરણોના પાલન તેમજ રેલવે સંપત્તિના જાળવણી કાર્યનું વિસ્તૃત અવલોકન કર્યું. તેમણે સંબંધિત અધિકારીઓને સંરક્ષાના સર્વોચ્ચ ધોરણોનું પાલન સુનિશ્ચિત કરતાં રેલ સંચાલનને વધુ સુરક્ષિત, વિશ્વસનીય અને કાર્યક્ષમ બનાવવાના નિર્દેશ આપ્યા.

પ્રવાસ દરમિયાન મહાપ્રબંધકે પીપાવાવ સાઈડિંગની મુલાકાત લીધી અને પોર્ટ અધિકારીઓ સાથે વિસ્તૃત બેઠક યોજી. બેઠક દરમિયાન રેલવે અને પોર્ટ વચ્ચેના સમન્વયને વધુ અસરકારક બનાવવા, ઉપલબ્ધ રેલ અને પોર્ટ અવસંરચનાનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત કરવા તેમજ માલ લાદણી અને માલ પરિવહનમાં વધારો કરવાની સંભાવનાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી. મહાપ્રબંધકે જણાવ્યું કે રેલ–પોર્ટ સમન્વયને વધુ મજબૂત બનાવી માલ પરિવહન ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરી શકાય છે, જેના કારણે રેલવે અને બંદર બંનેની કાર્યક્ષમતાને નવી ગતિ મળશે.

સાવરકુંડલા અને ધોળા જંક્શનના નિરીક્ષણ દરમિયાન મહાપ્રબંધકે સ્ટેશન માસ્ટર કચેરી, વીઆઈપી રૂમ, મહિલા અને પુરુષ પ્રતીક્ષાલય, મહિલા અને પુરુષ શૌચાલય, સ્ટેશનનો સર્ક્યુલેટિંગ એરિયા, કેટરિંગ સ્ટોલ, વોટર હટ, પ્લેટફોર્મ તેમજ વિવિધ મુસાફર સુવિધાઓનું સઘન નિરીક્ષણ કર્યું. તેમણે ઉપલબ્ધ સુવિધાઓની ગુણવત્તા, સ્વચ્છતા, જાળવણી તથા મુસાફરોને આપવામાં આવતી સેવાઓની વિસ્તૃત સમીક્ષા કરીને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું.

તેમણે સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા, શુદ્ધ પીવાના પાણીની પૂરતી ઉપલબ્ધતા, મુસાફર સુવિધાઓની નિયમિત જાળવણી, દિવ્યાંગજનને અનુકૂળ સુવિધાઓ તથા મુસાફરો માટે સુરક્ષિત અને સુગમ વાતાવરણ સુનિશ્ચિત કરવા વિશેષ ભાર મૂક્યો. તેમણે સૂચના આપી કે સ્ટેશન પર ઉપલબ્ધ તમામ સુવિધાઓનું સમયાંતરે નિરીક્ષણ અને જાળવણી કરવામાં આવે, જેથી મુસાફરોને સતત ઉચ્ચ ગુણવત્તાની સેવાઓ મળી રહે.

નિરીક્ષણ દરમિયાન મહાપ્રબંધકે પ્લેટફોર્મ, સર્ક્યુલેટિંગ એરિયા અને સ્ટેશન પરિસરમાં સુરક્ષા, મુસાફર સુવિધા તથા સુવ્યવસ્થિત સંચાલન સંબંધિત વ્યવસ્થાઓનું પણ અવલોકન કર્યું. કેટરિંગ સ્ટોલ અને વોટર હટનું નિરીક્ષણ કરતાં તેમણે મુસાફરોને સ્વચ્છ, સુરક્ષિત અને ગુણવત્તાસભર ખાદ્ય સામગ્રી તથા શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની સૂચના આપી.

ભાવનગર પ્રવાસ દરમિયાન મહાપ્રબંધકે ભાવનગરની માનનીય સાંસદ અને ભારત સરકારમાં ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન જયંતિભાઈ બાંભણિયા તેમજ અન્ય જનપ્રતિનિધિઓ સાથે શિષ્ટાચાર મુલાકાત પણ કરી. બેઠક દરમિયાન વિસ્તારમાં ચાલી રહેલા રેલવે વિકાસ કાર્યો, મુસાફર સુવિધાઓના વિસ્તરણ, રેલવે અવસંરચનાના આધુનિકીકરણ તથા ભાવિ વિકાસ યોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા થઈ. જનપ્રતિનિધિઓએ વિસ્તારની રેલવે સંબંધિત જરૂરિયાતો તથા જનહિત સાથે જોડાયેલા વિવિધ સૂચનો પણ રજૂ કર્યા.

પ્રવાસના બીજા દિવસે, તા. ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ મહાપ્રબંધકે સિહોર જંક્શન, ધંધુકા, લોથલ ભૂરખી અને બોટાદ સ્ટેશનોનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું. તેમણે તમામ સ્ટેશનો પર સંરક્ષા ધોરણો, સંચાલન વ્યવસ્થાઓ તથા ઉપલબ્ધ મુસાફર સુવિધાઓનું સઘન અવલોકન કરીને અધિકારીઓને મુસાફરોને વધુ સારી, સુરક્ષિત અને સુવિધાજનક સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું. ધંધુકામાં મહાપ્રબંધકે નવી નિર્મિત ટ્રેક્શન સબ-સ્ટેશનનું ઉદ્ઘાટન કર્યું, જેના કારણે રેલ સંચાલન માટેની વિદ્યુત પુરવઠા પ્રણાલી વધુ મજબૂત અને વિશ્વસનીય બનશે. ત્યારબાદ બોટાદ ખાતે તેમણે નવા નિર્મિત રેલવે ક્વાર્ટર્સનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે કર્મચારીઓ માટે વધુ સારી રહેણાંક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી રેલવેની પ્રાથમિકતાઓમાં સામેલ છે અને તેનાથી કર્મચારીઓના કાર્યપર્યાવરણ તથા કાર્યક્ષમતામાં સકારાત્મક વધારો થશે. લોથલ ભૂરખી ખાતે મહાપ્રબંધકે નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સના નિર્માણ કાર્ય સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે બેઠક યોજી અને ચાલી રહેલા કાર્યો અંગે વિગતવાર માહિતી મેળવી.

પોતાના સંબોધનમાં મહાપ્રબંધકે જણાવ્યું કે નિયમિત સંરક્ષા અને સ્ટેશન નિરીક્ષણ ભારતીય રેલવેની કાર્યસંસ્કૃતિનો અભિન્ન ભાગ છે. આવા નિરીક્ષણો દ્વારા રેલવે અવસંરચના, મુસાફર સુવિધાઓ અને સંચાલન વ્યવસ્થાનું સતત મૂલ્યાંકન શક્ય બને છે, જેના પરિણામે સંરક્ષા, સેવા ગુણવત્તા અને સંચાલન કાર્યક્ષમતામાં સતત સુધારો થાય છે. તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને મુસાફરોને ઉત્તમ, સુરક્ષિત અને વિશ્વસનીય સેવાઓ પ્રદાન કરવા તેમજ માલ પરિવહન સેવાઓને વધુ કાર્યક્ષમ અને ગ્રાહકકેન્દ્રિત બનાવવા સમર્પિત ભાવથી કાર્ય કરવાની અપીલ કરી. પશ્ચિમ રેલવે મુસાફરોને સુરક્ષિત, આધુનિક, સ્વચ્છ, સુગમ અને વિશ્વસ્તરીય રેલ સેવાઓ ઉપલબ્ધ કરાવવા સાથે સાથે માલ પરિવહન સેવાઓને વધુ કાર્યક્ષમ, વિશ્વસનીય અને ગ્રાહકકેન્દ્રિત બનાવવા માટે સતત પ્રતિબદ્ધ છે. મહાપ્રબંધકનો આ બે દિવસીય નિરીક્ષણ પ્રવાસ ભાવનગર મંડળમાં સંરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા, સ્ટેશન સુવિધાઓના ઉન્નયન, રેલ–પોર્ટ સમન્વયને નવી ગતિ આપવા તેમજ મુસાફર અને માલ પરિવહન સેવાઓની ગુણવત્તામાં સતત સુધારો લાવવા માટે એક મહત્વપૂર્ણ પહેલ સાબિત થશે.

# કડીના ઈરાણાની સીમમાં ગોડાઉનમાંથી રૂ.૬૫.૬૦ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

કડી તાલુકાના ઈરાણા ગામની સીમમાં એક બંધ ગોડાઉનમાં બાતમીના આધારે નંદાસણ પોલીસે વિદેશી દારૂનો રૂ.૬૫.૬૦નો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે દારૂ તથા પીકઅપ ડાલુ મળીને કુલ રૂ.૬૮.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગોડાઉનના કબજેદાર અને ડાલાના માલિક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નંદાસણ પીઆઈ એન.જી.ગોહિલ, પીએસઆઈ જે.એમ.ગેહલાવત સહિત સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે પીઆઈને બાતમી મળી હતી કે, ચડાસણા પાટીયાથી કમલા અમૃત જીઆઈડીસી તરફ જતા રોડ પર એગ્રીમ પ્રિન્ટ એન્ડ પેક કંપની સામે લોખંડના પતરાંના શેડવાળા બીજા નંબરના બંધ ગોડાઉનમાં વિદેશી દારૂ છુપાવેલો છે. પોલીસની ટીમે ત્યાં રેડ કરી ગોડાઉનનું તાળું તોડીને તપાસ કરતાં ગોડાઉનમાં પીકઅપ ડાલામાં ભરેલી તેમજ નીચે મુકેલી કુલ ૪૩૨ પેટીઓમાંથી વિદેશી દારૂની કુલ ૭૨૦૦ બોટલ મળી આવી હતી. કુલ રૂ.૬૫,૬૦,૪૪૮ કિંમતનો વિદેશી દારૂનો જથ્થો તેમજ પીકઅપ ડાલું મળી રૂ.૬૮,૬૦,૪૪૮નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. દરોડા દરમિયાન કોઈ શખ્સ હાજર મળી આવ્યો ન હોવાથી પોલીસે નંદાસણ પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ઈરાણા ગામની સીમમાં નવા સર્વે નં.૮૫૦ પૈકીના સબ પ્લોટ નં.૩ ઉપર આવેલા સંબંધિત ગોડાઉનના કબજેદાર અને પીકઅપ ડાલાના માલિક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જંતર-મંતર પર રાજકીય ગરમાવો:
# કેજરીવાલ અને ડિમ્પલ યાદવ વાંગચુકને મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જંતર-મંતર પર ઉપવાસ પર બેઠેલા સોનમ વાંગચુક સાથે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આપ (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને અખિલેશ યાદવના પત્ની ડિમ્પલ યાદવે મુલાકાત કરી હતી. કેજરીવાલે જણાવ્યું કે, તેઓ સોનમ વાંગચુકને સલામ કરે છે, જે દેશના બાળકોના ભવિષ્ય માટે ઉપવાસ કરી રહ્યા છે. આપણા દેશમાં એવા ઘણા શિક્ષકો અને લોકો છે, જેમણે પેપર લીક સામે અવાજ ઉઠાવ્યો અને જેલ ગયા, તેઓ તે તમામ સાહસિકોને પણ સલામ કરે છે. અરવિંદ કેજરીવાલે વિરોધ પ્રદર્શન દરમિયાન કહ્યું, ૪ એપ્રિલ ૨૦૧૧ના રોજ અહીં અન્ના હજારે બેઠા હતા. ૨૦૧૧ માં તત્કાલીન સરકાર (કોંગ્રેસના નેતૃત્વવાળી) ભારે અહંકારમાં હતી. ત્રણ વર્ષ પછી તેમની સરકાર બચી નહીં. આજે ૨૦૨૬ છે, જો સરકારે વાત ન સાંભળી તો ૨૦૨૯માં તેમની પણ સરકાર બચશે નહીં. ધર્મેન્દ્ર પ્રધાનને હટાવીને સોનમ વાંગચુકને દેશના શિક્ષણ મંત્રી બનાવવા જોઈએ. હું આ સરકારને કહું છું કે, કોકરોચ જનતા પાર્ટીની વાત સાંભળી લો, સોનમ વાંગચુકની વાત સાંભળી લો, નહીંતર આ સરકાર પણ બચશે નહીં. ધર્મેન્દ્ર પ્રધાને તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. અરવિંદ કેજરીવાલે દેશની વર્તમાન પરીક્ષા પ્રણાલી પર સવાલ ઉઠાવતા કહ્યું, નીટ (NEET) નું પેપર લીક થયું ત્યારે તેમણે શું કર્યું? ૨૦૨૪ના પેપર લીકનો જે માસ્ટરમાઈન્ડ હતો, તેને જામીન મળી ગયા. દેશનો યુવા ક્યાં સુધી આ બધું સહન કરશે? નીટ પરીક્ષાના વિવાદ બાદ ૨૦ થી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી, પરંતુ સરકારના પેટનું પાણી પણ હલ્યું નથી. તેમણે આરોપીઓ સામે યોગ્ય રીતે FIR સુધી નોંધી નથી, ધરપકડ તો દૂરની વાત છે. કેજરીવાલે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, જો આમને આમ ચાલતું રહ્યું, તો આવતા વર્ષે ફરી પેપર લીક થશે અને આવતા વર્ષે બાળકો ફરી આત્મહત્યા કરશે. આ સિસ્ટમને આપણે મૂળમાંથી બદલવી જ પડશે. લદ્દાખ અને દેશ માટે તેમણે (વાંગચુક) પહેલા પણ ઘણા ઉપવાસ કર્યા છે. હું દેશના ખૂણે-ખૂણાના લોકોને અપીલ કરવા માંગુ છું કે ૨૦ જુલાઈના રોજ વધુમાં વધુ સંખ્યામાં અહીં પહોંચે.

## ભીડ વચ્ચે મહિલા બેભાન, લોકોએ દાખવી અનોખી માનવતા
# ધોળકામાં જય રણછોડના નાદ સાથે ૨ ભવ્ય રથયાત્રા નીકળી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અષાઢી બીજે ધોળકામાં કાળિયા ઠાકરની ૨ ભવ્ય રથયાત્રાઓ નીકળી હતી. ૭૫ વર્ષથી નીકળતી ચારશેરી કૃષ્ણ મંદિર અને કેલિયા વાસણા રણછોડરાય મંદિરની ૫મી રથયાત્રામાં હજારો ભક્તો જોડાયા. સરોડા રોડ પર બેભાન થયેલી મહિલા માટે લોકોએ ગ્રીન કોરિડોર બનાવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. ૫૬૪ પોલીસકર્મીઓની સુરક્ષા વચ્ચે યાત્રા શાંતિપૂર્ણ સંપન્ન થઈ. અષાઢી બીજના પવિત્ર પર્વે ધોળકામાં કાળિયા ઠાકરની ભવ્ય રથયાત્રા યોજાઈ હતી, જેને પગલે સમગ્ર પંથક 'જય રણછોડ, માખણચોર'ના નારાઓ સાથે ભક્તિમય માહોલમાં ગરકાવ થઈ ગયો છે.

ધોળકામાં આજે એકસાથે ૨ ભવ્ય રથયાત્રાઓનું પ્રસ્થાન થયું હતું, જેમાં ભક્તો ભારે ઉત્સાહથી જોડાયા હતા. પ્રથમ રથયાત્રા ધોળકા શહેરના ચારશેરી સ્થિત કૃષ્ણ મંદિરથી પરંપરાગત રીતે નીકળી હતી. આ વર્ષે આ રથયાત્રાનું ૭૫મું વર્ષ હોવાથી ભક્તોમાં અનોખો આનંદ જોવા મળ્યો હતો. બીજી રથયાત્રા કેલિયા વાસણા ગામે આવેલા ઐતિહાસિક રણછોડરાયના મંદિરથી પ્રસ્થાન પામી હતી. આ આયોજનનું આ ૫મું વર્ષ છે. આ રથયાત્રામાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામના ૩ ભવ્ય રથો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. બંને રથયાત્રાઓના રૂટ પર સેવાભાવી સંસ્થાઓ અને સ્થાનિક લોકો દ્વારા ચા, નાસ્તો, ઠંડુ પાણી અને શરબત જેવી સેવાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

રથયાત્રા દરમિયાન ધોળકાના સરોડા રોડ પર એક સંવેદનશીલ ઘટના બની હતી. દર્શન માટે ઉમટેલી ભારે જનમેદની વચ્ચે એક મહિલા અચાનક બેભાન થઈને ઢળી પડ્યા હતા. જો કે, આ કટોકટીની પળોમાં ધોળકાવાસીઓએ અદ્ભુત માનવતા દાખવી હતી. હજારોની ભીડ હોવા છતાં, સ્થાનિક લોકોએ તાત્કાલિક એક થઈને એમ્બ્યુલન્સ માટે ગણતરીની મિનિટોમાં જ ગ્રીન કોરિડોર જેવો સરળ રસ્તો કરી આપ્યો હતો. લોકોના આ અભૂતપૂર્વ સહયોગને કારણે દર્દીને સમયસર હોસ્પિટલ પહોંચાડી શકાયા હતા. હાલ હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા આ મહિલાની તબિયતમાં ઘણો સુધારો છે અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.સમગ્ર રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ પ્રશાસન સંપૂર્ણ સજ્જ હતું. રૂટ પર DYSP, PI અને PSI સહિત ૫૬૪ પોલીસ જવાનોનો ચુસ્ત કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો હતો. પોલીસની કડક સુરક્ષા વચ્ચે ભક્તોએ ખૂબ જ ઉત્સાહ અને શાંતિથી ભગવાનના દર્શનનો લ્હાવો લીધો હતો.

# એરફોર્સના જવાને સર્વિસ રાઈફલથી ગોળી મારી જીવન ટૂંકાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છ જિલ્લાના સરહદી અને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વના ગણાતા નલિયા એરફોર્સ સ્ટેશનમાંથી ગુરુવારે એક દુઃખદ ઘટના સામે આવી છે. ફરજ પર તૈનાત ભારતીય વાયુસેનાના એક જવાને પોતાની સર્વિસ રાઈફલથી ગોળી મારી આત્મહત્યા કરી લેતા એરફોર્સ મથક સહિત સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. ઘટનાની જાણ થતાં એરફોર્સના ઉચ્ચ અધિકારીઓ તેમજ કોઠારા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી.

પ્રાથમિક માહિતી મુજબ મૃતક જવાનની ઓળખ ભરતરાજ ભોમપ્રકાશ ભારદ્વાજ તરીકે થઈ છે. તેઓ નલિયા એરફોર્સ સ્ટેશનના અત્યંત સુરક્ષિત ગણાતા ટેકનિકલ એરિયામાં નિયમિત ફરજ બજાવી રહ્યા હતા. આ દરમિયાન તેમણે પોતાની સરકારી AK-૨૦૩ અસોલ્ટ રાઈફલ વડે પોતાની ઉપર ગોળી ચલાવી હતી. ગોળી વાગતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને ઘટનાસ્થળે જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

ફાયરિંગનો અવાજ સંભળાતા નજીકમાં ફરજ બજાવતા અન્ય જવાનો અને અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે ભરતરાજ ભારદ્વાજને લોહીલુહાણ હાલતમાં જોયા હતા. તરત જ સમગ્ર વિસ્તારને સુરક્ષિત કરી સ્થાનિક કોઠારા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.આ મામલે કોઠારા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બીજી તરફ ભારતીય વાયુસેનાએ પણ આંતરિક તપાસના આદેશ આપ્યા છે. જવાને આ પ્રકારનું આત્યંતિક પગલું શા માટે ભર્યું, તેઓ કોઈ વ્યક્તિગત અથવા માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યા હતા કે નહીં, તે સહિતના તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. હાલ સુધી આત્મહત્યાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી.

સરહદી વિસ્તારને ધ્યાનમાં રાખતાં નલિયા એરફોર્સ સ્ટેશન દેશની સુરક્ષા માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આ દુઃખદ ઘટનાની સ્ટેશનની કામગીરી અથવા સુરક્ષા વ્યવસ્થા પર કોઈ અસર થઈ નથી. સમગ્ર મામલે એરફોર્સ અને પોલીસ દ્વારા સંયુક્ત તપાસ ચાલુ છે અને તપાસ પૂર્ણ થયા બાદ જ ઘટનાના વાસ્તવિક કારણો સ્પષ્ટ થઈ શકશે.

અધિકારીઓએ લોકોને અફવાઓથી દૂર રહેવા અને સત્તાવાર માહિતીની રાહ જોવાની અપીલ કરી છે. મૃતક જવાનના પરિવારજનોને જાણ કરવામાં આવી છે અને જરૂરી તમામ કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી રહી છે.

## સફેદ કબુતર ઉડાડી શાંતિનો સંદેશ આપ્યો
# અમદાવાદના શાહપુર માં મુસ્લીમ આગેવાનોએ રથયાત્રાનુ કર્યુ સ્વાગત



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભગવાન જગન્નાથની ૧૪૯ મી રથયાત્રા મંદિરથી પ્રસ્થાન કરીને શાહપુર પહોચી હતી. જયાં કોમી એકતાનો સંદેશ અપાયો હતો. શાહપુરમાં ભગવાનના દર્શન કરવા માટે ભકતોની ભારે ભીડ જામી હતી. ચાલુ વરસે પણ ભકતોની મોટી સંખ્યામાં હાજરી જોવા મળી હતી.

શાહપુરમાં મુસ્લીમ અગ્રણીઓ દ્વારા રથયાત્રાનુ સ્વાગત કરવામાં આવ્યુ હતું. જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજીનુ પણ મુસ્લીમ આગેવાનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું.

# જસદણ-આટકોટ રોડ પર અકસ્માત, ૭ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ જિલ્લાના જસદણ-આટકોટ રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. રોડ પર પૂરપાટ ઝડપે જઈ રહેલા એક ડમ્પર અને છોટા હાથી વાહન વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ભયાનક અકસ્માતમાં છોટા હાથીમાં સવાર આશરે ૬ થી ૭ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માતને પગલે હાઈવે પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા, અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

ઘટનાની જાણ થતાં જ ૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. સ્થાનિક લોકો અને બચાવ કામગીરીની મદદથી તમામ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા લોકોને તાબડતોબ આટકોટની કેડીપી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં ડોક્ટરો દ્વારા તેમની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. ઈજાગ્રસ્તો પૈકી અમુકની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

બીજી તરફ, અકસ્માત અંગેની માહિતી મળતા જ આટકોટ પોલીસની ટીમ પણ તુરંત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

# શેરબજારમાં રોકાણના નામે સેલ્સ ટેક્સના નિવૃત્ત અધિકારી સાથે ૭ લાખનું સાયબર ફ્રોડ

## નિવૃત્ત અધિકારીએ આ મામલે વિરમગામ ટાઉન પોલીસને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સેલ્સ ટેક્સ વિભાગમાંથી નિવૃત્ત થયેલા અધિકારી સાથે સાયબર ફ્રોડ થયું હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. નિવૃત્ત અધિકારીએ ફેસબુકમાં શેરબજારમાં રોકાણની સામે વધુ નફો મળશે તેવી જાહેરાત જોયા બાદ તેમાં આપેલા નંબર પર ફોન કર્યો હતો. જે બાદ ગઠિયાએ તેમની પાસે શેરની ખરીદી કરાવી અને આઈપીઓ ભરાવ્યો હતો. જેમાં શેર એલોટ થયા બાદ વિવિધ રકમ ભરવાના નામે ૭.૪૮ લાખ પડાવી સાયબર ફ્રોડ આચર્યું હતું. સેલ્સ ટેક્સ વિભાગમાંથી નિવૃત્ત થયેલા અધિકારી વિરમગામમાં રહે છે. તેમના બેંક ખાતામાં ગ્રેજ્યુએટી, બચત અને પેન્શનના નાણાં રાખ્યા હતા. ગત તા.૧૬મીએ નિવૃત્ત અધિકારીએ ફેસબુકમાં શેરબજારમાં રોકાણની જાહેરાત જોઈ હતી. જેમાં રોકાણની સામે મોટું વળતર આપવાની ટીપ્સ હતી. જેથી તેમાં આપેલા નંબર પર ફોન કરતા આનંદ રાઠી એડવાઈઝરીમાંથી મંગલમ ગણેશ નામથી ગઠિયાએ વાત કરીને એક લિંક મોકલી હતી. તેમાં કેટલીક માહિતી ભરાવીને ૧૦ હજારના શેર ખરીદી કરાવ્યા હતા. નિવૃત્ત અધિકારીને રૂ.૫૦૦નો નફો મળતા તે રકમ તેમણે વિડ્રો કરી હતી. ત્યારબાદ ૫૦ હજારનો આઈપીઓ ભરતા ૨.૧૫ લાખની કિંમતના શેર એલોટ થયા હતા. જેમાં બાકીની ડિફરન્સની રકમ ભરશો તો જ રકમ વિડ્રો થઈ શકશે તેમ કહીને ગઠિયાએ ૧.૬૫ લાખ ભરાવ્યા હતા. જે બાદ તમામ નાણાં વિડ્રો કરવા ૩૦ ટકા લેખે ૧.૪૬ લાખ, ઈન્કમટેક્સના ૨૦ ટકા લેખે ૯૭ હજાર એમ વિવિધ ચાર્જના નામે ગઠિયાએ કુલ રૂ. ૭.૪૮ લાખ પડાવીને સાયબર ફ્રોડ આચર્યુ હતું. નિવૃત્ત અધિકારીએ આ મામલે વિરમગામ ટાઉન પોલીસને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ભગવાન જગન્નાથજી ના આશીર્વાદ થી વિકસિત ભારતના સંકલ્પમાં ગુજરાત લીડ લેશેઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



અમદાવાદમાં અષાઢી બીજ ના પવિત્ર અવસરે ભગવાન જગન્નાથજીની ૧૪૯ મી ભવ્ય રથયાત્રા નો મંગળ પ્રારંભ થયો છે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મંદિર પરીસરમાં ભગવાન જગન્નાથજી તેમજ તેમના રથનુ પરંપરાગત પુજન-અર્ચન કરીને રથયાત્રાને નગરચર્યા માટે પ્રસ્થાન કરાવી હતી. આ ધાર્મિક મહોત્સવમાં મુખ્યમંત્રીએ સોનાની સાવરણીથી રથની સફાઈ કરવાની સેવા નિભાવી પહિંદવિધિ સંપન્ન કરી હતી અને ભકિતભાવપૂર્વક પ્રભુનો રથ ખેંચ્યો હતો. આ પાવન પ્રસંગે રાજયના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી એ પણ તેમની સાથે ઉપસ્થિત રહીને વિધિમાં સહભાગી બન્યા હતા. રથયાત્રાના મહોત્સવ નિમિત્તે રાજયના નાગરીકોને શુભેચ્છાઓ પાઠવતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યુ હતુ કે અષાઢી બીજના પવિત્ર દિવસે ભગવાનના દર્શન, આરતી અને રથયાત્રાનુ પ્રસ્થાન કરાવવાનુ સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયુ છે. ભગવાન જગન્નાથજી, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે નગરજનોને દર્શન આપવા નિકળ્યા છે અને પ્રભુ સ્વયં સામે નગરજનોને દર્શન આપવા નિકળ્યા છે અને પ્રભુ સ્વયં સામે ચાલીને શ્રમિકો, ગરીબો તેમજ સામાન્ય નાગરીકોને આશીર્વાદ આપી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લીધેલા વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાત આશીર્વાદ થી લીડ લેશે તેવો વિશ્વાસ વ્યકત કરતા તેમણે ભગવાન સમક્ષ રાજયની સુખ સમૃધ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ઉમેર્યુ હતુ કે અમદાવાદની આ ઐતિહાસિક રથયાત્રા હંમેશાથી કોમી એખલાશ અને શાંતિનુ પ્રતિક બની રહી છે. રથયાત્રા શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ખડપગે ફરજ બજાવતા તમામ સરકારી વિભાગો, સુરક્ષા એજન્સીઓ, સેવાભાવી સંસ્થાઓ અને જાગૃત નાગરીકોનો તેમણે આભાર માન્યો હતો. આ સાથે જ અષાઢી બીજના અવસરે કચ્છી નુતન વર્ષ નિમિત્તે દેશ અને વિદેશમાં વસતા તમામ કચ્છી ભાઈ બહેનોને (કચ્છી માડુઓને) તેમણે નવા વર્ષ ની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

આ ભવ્ય ધાર્મિક મહોત્સવ અને પુજનવિધિ દરમિયાન જગન્નાથ મંદિરના મહંત દિલિપદાસજી મહારાજ ની પાવન ઉપસ્થિતિ રહી હતી. તેમની સાથે અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ અને સ્થાનિક ધારાસભ્ય અમિત શાહ, અમિત ઠાકર, અમુલ ભટ્ટ તેમજ શ્રીમતી કંચનબેન રાદડીયા હાજર રહ્યા હતા. વહિવટી અને પોલીસ પ્રશાસન તરફથી રાજયના પોલીસવડા જી એસ મલીક, મ્યુનિસિપલ કમિશ્નર બંછાનિધિ પાની અને શહેર પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોત સહિતના ઉચ્ચ અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં શ્રધ્ધાળુઓ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા હતા.

લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત અને ઉદ્યોગ વિકાસ પરિષદનો ઉદ્યોગ અને રાષ્ટ્રના હિતમાં સંયુક્ત પ્રશંસનીય પ્રકલ્પ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે 'કૌશલ્ય વિકાસ ભવન'નું ભૂમિપૂજન કર્યુ



નવી પેઢીના કૌશલ્ય વર્ધન અને ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા માટે રૂ. ૨૦ કરોડથી વધુના ખર્ચે ગાંધીનગર ખાતે નિર્માણ થનારા 'કૌશલ્ય વિકાસ ભવન'નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અષાઢી બીજના પર્વે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું.

લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત તેમજ ઉદ્યોગ વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ પ્રસંગે અખિલ ભારતીય સંયોજક (હિન્દુ ધર્માચાર્ય સભા)ના પરમ પૂજ્ય સ્વામી પરામાનંદ સરસ્વતીજી મહારાજે વિશેષ ઉપસ્થિત રહીને આશીર્વચન પાઠવ્યા હતા. નવીન ભવનના નિર્માણ માટે માતબર રકમનું દાન આપનાર દાતાઓશ્રીઓનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત તેમજ ઉદ્યોગ વિકાસ પરિષદના શ્રી ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે, અષાઢી બીજના પવિત્ર દિવસે મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરાયેલ નવીન કૌશલ્ય વિકાસ ભવન આવનારા સમયમાં આપણા દેશના યુવાનો અને લઘુ ઉદ્યોગો માટે પ્રગતિનું એક નવું દ્વાર બનશે. આ સંસ્થાનો મૂળ મંત્ર 'ઉદ્યોગ સાથે રાષ્ટ્રહિત' એ એક સંપૂર્ણ વિચારધારા છે. આ ભવન આપણા ઉદ્યોગોને નવી ટેકનોલોજી અને કુશળતા પૂરી પાડવામાં એક પથદર્શક સાબિત થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઔદ્યોગિકલક્ષી નીતિઓના પરિણામે આપણું ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. ત્યારે આ ભવન આવનારા દિવસોમાં યુવાનોને આધુનિક ઔદ્યોગિક જરૂરિયાત મુજબ ટેકનિકલ તાલીમ આપીને રોજગારીની નવી તકો ખોલી આપશે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય સંગઠન મંત્રી શ્રી પ્રકાશચંદ્ર ગુપ્તા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાત પ્રાંતના પ્રાંત સંઘ ચાલક ડો. ભરતભાઈ પટેલ અને પ્રાંત કાર્યવાહ શ્રી શૈલેષભાઈ પટેલ, લઘુ ઉદ્યોગ ભારતી સંગઠન તરફથી પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગુજરાત પ્રાંતના પ્રભારી શ્રી ઘનશ્યામ ઓઝા તેમજ પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી બળદેવભાઈ પ્રજાપતિ, શ્રી હંસરાજભાઈ ગજેરા, જાણીતા ઉદ્યોગપતિઓ શ્રી કન્હૈયાલાલ પુષ્પ જૈન, શ્રી નીલેશભાઈ ગઢિયા, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી ઋતુરાજભાઈ સહિત રાષ્ટ્રીય હોદ્દેદારો અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

આ ભવન ઉદ્યોગ વિકાસ કેન્દ્ર (Centre of Excellence) તરીકે વિકસાવવામાં આવશે.

આ ભવનમાં તાલીમ, સેમિનાર, ટેક્નિકલ વર્કશોપ, ઉદ્યોગ માર્ગદર્શન, સ્કિલ ડેવલપમેન્ટ અને સ્ટાર્ટઅપ માર્ગદર્શન જેવી પ્રવૃત્તિઓ થશે.

નવા ઉદ્યોગસાહસિકો તૈયાર થશે અને સ્વરોજગાર તથા રોજગારીની નવી તકો ઉભી થશે. આ ભવન ઉદ્યોગકારો, સરકાર, નિષ્ણાતો અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સંવાદનું મહત્વનું કેન્દ્ર બનશે.

# સરકારી-ગ્રાન્ટેડ પીટીસી કોલેજમાં ઘસારો પણ આચાર્ય, શૈક્ષણિક સ્ટાફની ૮૦ ટકા જગ્યાઓ ખાલી

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજયમાં ચાલુ વરસે પીટીસી કોલેજ એટલે કે ગ્રાન્ટેડ પ્રાથમિક અધ્યાપન મંદિર અને બાલ અધ્યાપન મંદિરમાં પ્રવેશ માટે ભારે ઘસારો સર્જાયો છે. રાજયની ૧૭૦ થી વધારે કોલેજોની અંદાજે ૧૫ હજાર થી વધુ બેઠકો પર પ્રવેશ માટે ૫૭ હજાર થી વધારે ફોર્મ ભરાયા છે. આમ મોટી સંખ્યામાં પ્રવેશ માટે ઘસારો હોવા છતાં સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં શૈક્ષણિક કર્મચારીઓની ૩૨૦ પૈકી ૨૦૩ અને વહિવટી કર્મચારીઓની ૫૭ પૈકી ૪૯ બેઠકો ખાલી પડી છે.

આમ કુલ પૈકી અંદાજે ૮૦ ટકા ખાલી પડેલી બેઠકો ભરવા માટે સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે ભારે મુશ્કેલી ઉભી થાય તેવી સ્થિતિ સર્જાઈ છે. રાજયમાં આગામી પાંચ વરસમાં પ્રાથમિક શાળાઓમાં મોટી સંખ્યામાં શિક્ષકોની ભરતી કરાશે તેવી જાહેરાતના પગલે ચાલુ વરસે પીટીસી કોલેજમાં પ્રવેશ માટે ભારે ઘસારો થયો છે. જેથી ૨૯ નવી પીટીસી કોલેજો સહિત ૨૨૯ સંસ્થાએ મંજુરી માટે દરખાસ્ત કરી છે. જેમાં ૩૫ સરકારી અને ગ્રાન્ટેડ સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે.

મહત્વની વાત એ છે કે પીટીસી કોલેજોમાં પ્રવેશ માટે ઘસારો થઈ રહ્યો છે અને આગામી વરસે પણ ઘસારો યથાવત રહેશે. તે પ્રસ્થાપિત થયુ હોવાના કારણે ચાલુ વરસે ૨૯ સંસ્થાએ પીટીસી કોલેજ શરૂ કરવા દરખાસ્ત કરી દીધી છે. ઘસારાને ધ્યાનમાં રાખીને થોડા સમય પહેલા જ ગુજરાત રાજય બિન સરકારી અધ્યાપન મંદિર અધ્યાપક સંઘ દ્વારા પ્રાથમિક શિક્ષણ નિયામકને આવેદનપત્ર આપીને ૩૫ થી વધારે કોલેજોમાં ખાલી પડેલી વિવિધ કેડર ની જગ્યાઓ ભરવા માટે માંગણી કરાઈ હતી. જેમાં દરેક કોલેજોમાં ૧ આચાર્ય, ૮ અધ્યાપક, ૨ કોમ્પ્યુટર ઈન્સ્ટ્રકચર, ૧ લેબોરેટરી આસી, ૧ સીનીયર કલાર્ક, ૧ જુનીયર કલાર્ક, ૨ સેવક અને ૧ વોચમેન મળીને કુલ ૧૭ મહેકમ જરૂરી છે. ૧-૧ વર્ગ ધરાવતી એટલે કે ૬૨ વિદ્યાર્થી ધરાવતી સંસ્થામાં ૧૦ નુ મહેકમ થાય છે.

મહત્વની વાત એ છે કે ૩૫ કોલેજોમાં ૩૫ આચાર્ય પૈકી ૨૧ જગ્યાઓ ખાલી છે. શૈક્ષણિક કર્મચારીઓની ૩૨૦ પૈકી ૨૦૩ જગ્યા ખાલી છે. વહિવટી કર્મચારીઓની ૫૭ પૈકી ૪૯ અને ચોથા વર્ગ ના કર્મચારીની ૯૨ પૈકી ૫૭ જગ્યા ખાલી પડી છે. ભુતકાળમાં સરકાર દ્વારા ૬૨ જગ્યા ભરવાની મંજુરી અપાઈ હતી. પરંતુ વહિવટી મુશ્કેલીના કારણે આ જગ્યાઓ ભરવામાં વિલંબ થતા સમય મર્યાદામાં વધારો કરી આપવા માટે વર્ષ ૨૦૨૩ માં રજુઆત કરવામાં આવી હતી. જે અંગે પણ હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. આમ આગામી દિવસોમાં નવી નવી કોલેજો શરૂ થઈ રહી છે. ત્યારે પ્રવેશ માટે વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થવાનો છે. ત્યારે વિદ્યાર્થીઓના અભ્યાસ બગડે નહી તે માટે તાકીદે ખાલી પડેલી જગ્યા ભરવાની માંગણી કરવામાં આવી છે.

પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીની જાહેરાતના પગલે છેલ્લા બે વરસથી પીટીસી કોલેજમાં પ્રવેશ માટે ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. ચાલુ વરસે અંદાજે ૫૭ હજાર વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. જે આંકડો ડીગ્રી ઈજનેરી કોલેજમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરાવનારા વિદ્યાર્થીઓ કરતા પણ વધારે છે. વિદ્યાર્થીઓના ઘસારાને ધ્યાનમાં રાખીને ભુતકાળમાં પીટીસી કોલેજો બંધ કરીને પાટીયા વેચવા કાઢયા હતા તેવી સંસ્થાઓ એ પણ હવે નવેસરથી કોલેજ શરૂ કરવા માટે દરખાસ્ત કરી દીધી છે.

# આઉટસોર્સિંગ લાંચીયા કર્મચારીઓ હવે નહી બચેઃ કલેકટરની મળી સત્તા : એસીબીને મળ્યો ફાસ્ટટ્રેક

પ્રતિનિધિ,ગાંધીનગર



હવે હું કોન્ટ્રકટ પર છું તેવુ બહાનુ નહી ચાલે, હવે કોઈપણ કરાર આધારીત કર્મચારી લાંચ લેતા ઝડપાશે તો આ લાંચીયા કર્મચારી વિરૂધ્ધ હવે જે તે જિલ્લાના કલેકટરો કાર્યવાહી કરી શકશે.

ગુજરાત સરકારના મહેસુલ વિભાગે રાજયના તમામ જિલ્લા કલેકટરોને એક કડક આદેશ પાઠવ્યો છે. નવા નિયમ મુજબ હવે આઉટસોર્સ, કરાર આધારીત અને અંશકાલીક કર્મચારી પણ લાંચ લેતા પકડાય તો સીધો જેલ ભેગો થશે. આ આદેશ ડેપ્યુટી સેક્રેટરી મનોજ જેઠવા દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક વરસોમાં સરકારી ઓફીસોમાં ડ્રાઈવર, કોમ્પ્યુટર ઓપરેટર, પર્સનલ આસીસ્ટન્ટ , કલાર્ક જેવી પોસ્ટો માટે આઉટસોર્સ અને કરારની પધ્ધતિ વધી છે. આવા કર્મચારી જયારે એસીબી એટલે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા લાંચ લેતા રંગે હાથ પકડાય ત્યારે એક મોટો કાનુની ગુંચવાડો થતો હતો. કારણ કે તે સરકારના સીધા પગારદાર નથી. એજન્સી દ્વારા આવ્યા છે. પરીણામે ફાઈલો મહિનાઓ સુધી ગાંધીનગરમાં અટકી પડતી અને આરોપી છટકી જતો હતો.

હવેથી આવા કોઈપણ કર્મચારી લાંચ કેસમાં પકડાય તો તેના જિલ્લા ના કલેકટરે જાતે જ પ્રોસીકયુશન મંજુર કરવાનુ રહેશે. ઉપરથી મંજુરીની રાહ જોવામાં નહી આવે, સરકારે સ્પષ્ટ કહ્યુ છે કે ભલે તે કરાર પર હોય પરંતુ તે જાહેર સેવક છે, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ મુજબ તેના પર પણ એ જ કાયદો લાગુ પડશે. એસીબી હવે તપાસ દરમિયાન જો આ કર્મચારી ઉપરના કોઈ અધિકારીનુ નામ આપે તો તપાસ ત્યાં સુધી પહોચી શકશે, તલાટી, મામલતદાર, કલેકટર કચેરીના કરારી કર્મચારીમાં હવે લાંચ લેવાનો ડર રહેશે, હું તો કોન્ટ્રાકટ પર છું, એ બહાનુ હવે નહી ચાલે, ફાઈલ અટકાવીને પૈસા માંગવાની પ્રથા પર અંકુશ આવશે, જનતાનો વિશ્વાસ વધશે કે સરકાર ભ્રષ્ટાચાર સામે ગંભીર છે. વહિવટી નિષ્ણાંતોના મતે આ નિર્ણયથી બે મોટી અસર થશે. પહેલી એસીબીને ફાસ્ટટ્રેક પાવર મળી, હવે કેસનો નિકાલ ૩ ગણો ઝડપી થશે. બીજી ૨૦૨૭ ની ચુંટણી પહેલા સરકાર માટે મોટો પ્લસ પોઈન્ટ, તળીયાના સ્તરે ભ્રષ્ટાચાર ખતર કર્યો એવુ કહેવા મળશે. ટુંકમાં સરકારે એક તીર થી બે નિશાન કર્યા, એક તરફ સિસ્ટમ માફ કરી તો બીજી તરફ જનતાનો વિશ્વાસ જીત્યો, આ આદેશનો સીધો અર્થ એ છે કે ગુજરાત સરકાર હવે શુન્ય સહિષ્ણુતા ની નીતી પર કામ કરી રહી છે. પદ નાનુ હોય કે મોટુ, કાયમી હોય કે કોન્ટ્રકટ, જો તમે જનતાની સેવા કરો છો તો કાયદો તમારી રાહ જોશે.

# પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠનની અધ્યક્ષા શ્રીમતી સુજાતા પાંડે દ્વારા ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલમાં નવનિર્મિત ડૉક્ટર ડ્યૂટી રૂમ અને કેઝ્યુઅલ્ટી વોર્ડનું લોકાર્પણ







પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠનની અધ્યક્ષા શ્રીમતી સુજાતા પાંડે એ પોતાના ભાવનગર મંડળના પ્રવાસ દરમિયાન તા. ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ મંડલ રેલવે હોસ્પિટલ, ભાવનગર **(DRH/BVP)** ની મુલાકાત લીધી. આ અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, ભાવનગર મંડળની અધ્યક્ષા શ્રીમતી શાલિની વર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓ અને તબીબોએ તેમને પુષ્પગુચ્છ અર્પણ કરીને હાર્દિક સ્વાગત અને અભિનંદન પાઠવ્યા.

મુલાકાત દરમિયાન શ્રીમતી સુજાતા પાંડે એ મંડલ રેલવે હોસ્પિટલમાં નવનિર્મિત ડૉક્ટર ડ્યૂટી રૂમ **(Doctor Duty Room)** તથા કેઝ્યુઅલ્ટી વોર્ડનું વિધિવત્ લોકાર્પણ કર્યું. લોકાર્પણ બાદ તેમણે નવી સુવિધાઓનું નિરીક્ષણ કરતાં જણાવ્યું કે આધુનિક અને સુવ્યવસ્થિત આરોગ્ય માળખું દર્દીઓને ગુણવત્તાસભર, સુરક્ષિત અને ઝડપી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે ઉમેર્યું કે રેલવે હોસ્પિટલોને સમયાનુરૂપ આધુનિક સુવિધાઓથી સજ્જ કરવી અત્યંત આવશ્યક છે.

આ પ્રસંગે તેમણે હોસ્પિટલના વિવિધ વોર્ડ, ઓપીડી, નિદાન સેવાઓ (ડાયગ્નોસ્ટિક સર્વિસિસ) તેમજ અન્ય આરોગ્ય સુવિધાઓનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન તેમણે હોસ્પિટલની સ્વચ્છતા, સુવ્યવસ્થિત કાર્યપદ્ધતિ, ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ તેમજ તબીબો અને કર્મચારીઓ દ્વારા દર્દીઓ પ્રત્યે દર્શાવવામાં આવતી સેવાભાવનાની પ્રશંસા કરી. તેમણે હોસ્પિટલ પ્રશાસનને દર્દીઓને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા સતત પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો.

મુલાકાત દરમિયાન શ્રીમતી સુજાતા પાંડે એ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ સાથે વ્યક્તિગત મુલાકાત કરી તેમની ખબર-અંતર પૂછ્યાં અને તેમને ફળોનું વિતરણ કરીને તેમના ઝડપી સ્વાસ્થ્યલાભ માટે શુભેચ્છાઓ પાઠવી. દર્દીઓ તથા તેમના પરિવારજનોએ આ આત્મીય પહેલની પ્રશંસા વ્યક્ત કરી. ત્યારબાદ હોસ્પિટલના કોન્ફરન્સ હોલમાં તબીબો સાથે સમીક્ષા બેઠક યોજાઈ. બેઠકમાં હોસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓના વિસ્તરણ, દર્દીઓને વધુ ગુણવત્તાસભર અને સમયબદ્ધ સારવાર ઉપલબ્ધ કરાવવા, દર્દી સુવિધાઓમાં સતત સુધારા, આધુનિક તબીબી સાધનોના અસરકારક ઉપયોગ તથા હોસ્પિટલના સર્વાંગી વિકાસ જેવા વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. શ્રીમતી સુજાતા પાંડે એ તબીબોના સૂચનો ગંભીરતાપૂર્વક સાંભળ્યા અને ભવિષ્યમાં જરૂરી સહકાર તથા સુવિધાઓના વિસ્તરણ માટે આશ્વાસન આપ્યું.

પોતાના સંબોધનમાં તેમણે મંડલ રેલવે હોસ્પિટલ, ભાવનગરના તબીબો, નર્સિંગ સ્ટાફ તથા તમામ કર્મચારીઓ દ્વારા દર્દીઓની સેવામાં દર્શાવવામાં આવતા સમર્પણ, શિસ્ત અને ઉત્તમ કાર્યસંસ્કૃતિની મુક્તકંઠે પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે રેલવે હોસ્પિટલો માત્ર રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ જ પૂરી પાડતી નથી, પરંતુ માનવતા, સેવાભાવ અને સામાજિક જવાબદારીનું પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. સમગ્ર કાર્યક્રમ ગૌરવપૂર્ણ, પ્રેરણાદાયી અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો. આ અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠનની પદાધિકારીઓ, મંડળના વરિષ્ઠ અધિકારીઓ, તબીબો, નર્સિંગ સ્ટાફ તેમજ હોસ્પિટલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજાઈઃ ચુંટણીની રણનીતી માટે નેતાઓના લીધા કલાસ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, રાજયના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વાકર્મા, સંગઠન મહામંત્રી રત્નાકર તેમજ પક્ષના તમામ મહામંત્રીઓ હાજર રહ્યા હતા. આગામી રાજકીય અને ચુંટણીલક્ષી વ્યુહ રચના અંગે આ બેઠકને અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

સુત્રોના જણાવ્યા અનુસાર બેઠકમાં ઝોનવાઈઝ ચુંટણીની તૈયારીઓ અને વિવિધ વિસ્તારોની રાજકીય સ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામોનુ વિશ્લેષણ પણ આ બેઠકમાં કરવામાં આવ્યુ હતું. જેના આધારે રાજયની વર્તમાન વિધાનસભા બેઠકોની સ્થિતિનુ મુલ્યાંકન કરવામાં આવશે. સુત્રોના કહેવા પ્રમાણે બેઠકમાં એ, બી અને સી કેટેગરીમાં સમાવિષ્ટ વિધાનસભા બેઠકો અંગે વિશેષ મંથન કરવામાં આવ્યુ હતું. કયા વિસ્તારોમાં પક્ષની સ્થિતિ મજબુત છે અને કયાં વધુ ધ્યાન આપવાની જરૂર છે. તે મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ હતી. આ ઉપરાંત યુવા મતદારો, ખેડુતો, મહિલાઓ અને આદિવાસી સમાજમાં ભાજપની પકકડ કેટલી મજબુત છે તેની પણ સમિક્ષા કરવામાં આવી હતી.

રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સુધી સરકાર અને સંગઠન વચ્ચે વધુ અસરકારક તાલમેલ કેવી રીતે સાધી શકાય તે મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં રાજયની વર્તમાન સામાજિક અને રાજકીય પરિસ્થિતિનુ મુલ્યાંકન પણ કરવામાં આવ્યુ હતું. સાથે જ સીનીયર સીટીઝનથી લઈને જનરેશન ઝેડ સુધીના વિવિધ વર્ગો સાથે પક્ષનો સમન્વય વધુ મજબુત બનાવવા માટે વ્યુહરચના પર પણ વિચારણા કરવામાં આવી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર ગત વિધાનસભા ચુંટણીમાં ભાજપ જે બેઠકો પર પરાજીત થયુ હતું તેની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત સૌથી વધુ મતોથી જીતેલી બેઠકોની વર્તમાન રાજકીય સ્થિતિ અને ત્યાં પક્ષની મજબુતી જાળવી રાખવા માટેના મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. રાજયની વર્તમાન પરિસ્થિતિ અને આગામી ચુંટણીને ધ્યાનમાં રાખીને યોજાયેલી આ બેઠક ૨ થી ૩ કલાક સુધી ચાલી હતી. ભાજપના સંગઠન અને ચુંટણીલક્ષી આયોજન માટે આ બેઠકને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપ દ્વારા વિધાનસભાની ચુંટણીઓની તૈયારીઓને ધ્યાને જોતા આગામી ૨૦૨૭ માં વિધાનસભાની ચુંટણીઓ વહેલી યોજાય તેવી શકયતાઓ વિશ્લેષકો માની રહ્યા છે.

# અંકલેશ્વર હાઈવે પર હ્રદયદ્રાવક અકસ્માતઃ પી.પી. સવાણી યુનિવર્સિટીના આફ્રિકન છાત્રનું મોત થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ-મુંબઈને જોડતા વ્યસ્ત નેશનલ હાઈવે ૪૮ પર અંકલેશ્વર નજીક આજે એક હ્રદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે.

ભારે વાહનોની અનિયંત્રિત ગતિએ વધુ એક નિર્દોષ બાઈક સવારનો ભોગ લીધો છે, જે આ વખતે ભારત ભણવા આવેલો એક વિદેશી વિદ્યાર્થી છે. અંકલેશ્વર નજીક હાઈવે પરથી પસાર થઈ રહેલા એક બાઈક સવાર આફ્રિકન યુવાનને એક અજાણ્યા તોતિંગ ટ્રક ચાલકે બેફામ ગતિએ ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક પરથી પટકાતા જ આફ્રિકન યુવાનને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાયા બાદ હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો અને સ્થાનિક લોકોના મોટા ટોળા ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. જો કે, અકસ્માત સર્જનાર અજાણ્યો ટ્રક ચાલક ભીડ જમા થાય તે પહેલા જ પોતાના વાહન સાથે તકનો લાભ ઉઠાવીને ફરાર થઈ ગયો હતો.

# જામ ટાવર પાસે ટ્રક ચાલકે મહિલાને અડફેટે લેતા ઘટનાસ્થળે જ મોત થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં ભારે અને કોમર્શિયલ વાહનોની બેફામ ગતિ અવારનવાર નિર્દોષ નાગરિકો માટે કાળ સાબિત થઈ રહી છે. આજે આવી જ એક ઘટના શહેરના ભરચક ગણાતા જામ ટાવર પાસે ઘટી છે. એક ઓવરસ્પીડ કન્સ્ટ્રક્શન ક્રશર ટ્રકના ચાલકે ટ્રાફિક નિયમો અને માર્ગ સલામતીને નેવે મૂકીને રોડ ક્રોસ કરી રહેલી અથવા પસાર થઈ રહેલી એક અજાણી મહિલાને અડફેટે લીધી હતી. ટ્રકની સ્પીડ એટલી વધારે હતી કે મહિલાને બચવાની તક સુધ્ધાં નહોતી મળી. ટ્રકની ટક્કર વાગતા જ મહિલા રોડ પર પછડાઈ હતી અને તેના શરીર પરથી ક્રશર ટ્રકનું વ્હીલ ફરી વળ્યું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે ગંભીર ઈજાઓ થવાના કારણે મહિલાનું ઘટનાસ્થળે જ તરફડિયા મારીને મોત નીપજ્યું હતું.

# "ખ્વાજા દાના સાહેબ દરગાહ નો સંદલ ઉર્સ ઉજવાશે"

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા) સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાત સહિત દેશ ભરમાં સુપ્રસિદ્ધ ઓલીયા શહેનશાહે સુરત હઝરત ખ્વાજા દાના સાહબની દરગાહ શરીફ બડેખા ચકલા સંદલ ઉર્સની ઉજવણી કોમી એકતાના માહોલમાં ૪૩૨ માં વર્ષનો સંદલ તા.૧૮-૦૭-૨૦૨૬ -શનિવાર ના રોજ અને ઉર્સ તા.૧૯-૦૭-૨૦૨૬ રવિવારના રોજ સજ્જાદાનશીન મીર સૈયદ ફીરોઝ સૈયદ ઈબ્રાહીમની સરપરસ્તીમાં થશે.

આ પ્રસંગે પૂર્વ કોર્પોરેટર ઈકબાલભાઈ પટેલ, દરગાહ ટ્રસ્ટીઓ સૈયદ આહમદભાઈ, સૈયદ અલ્તાફભાઈ તથા હાજી નાશીરભાયા, મુન્ના બાપુ, હાજી ખલીલભાઈ ચાવાળા, ગુલામ મુસ્તુફા, અલાઉદ્દીન પટેલ, આસીફ પટેલ, સમીર નાનવાલા, આરીફ ટેલર, અમીન બાપુ, બાબા દરગાહ, અકરમ પઠાણ, માજીદ પટેલ, હુનેફ શેખ વગેરે દરગાહ શરીફના આજુબાજુના વિસ્તારમાં બડેખા ચકલામાં મુખ્ય માર્ગ સાગર હોટલ પાસે, ઢીંગલી ફળીયા, કાજીનું મેદાન, પખાલીવાડ, નાનપુરા, બાલાપીર દરગાહ પાસે, ગોપીપુરા, મોમનાવાડ મેઈન રોડ થી સગરામપુરા ચોકી સુધી વગેરે વિસ્તારમાં સાફ-સફાઈ કાર્ય જંતુનાશક દવાનો છંટકાવ, બ્રશીંગ સ્કેપીંગ પેચવર્ક પાણીની પરબો પર બે દિવસ વિના મુલ્યે પાણીના ટેક્રો ફાળવવા, ડ્રેનેજ લાઈન સાફ સાફઈ કરાવવી આ ઉપરાંત બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો ચાલુ કરાવવા મ્યુની. કમિશ્નરશ્રી એમ. નાગરાજન અને લાગતા વળગતા અધિકારીશ્રીઓને રજુઆત કરી છે. માજી કોર્પોરેટર ઈકબાલ પટેલ, નાયબ સજ્જાદાનશીન સૈયદ ફૈઝલ બાવા વિગેરેએ આ ઉપરાંત અઠવા પોલીસ પથકના ઈન્સ્પેકટર પી.એચ. ભાટી સાહેબને રૂબરૂ મળીને બે દિવસના સંદલ, ઉર્સ કાર્યક્રમ નિમિતે યોગ્ય પોલીસ બંદોબસ્ત ગોઠવવા પણ રજુઆત કરી હતી.

# મહારાષ્ટ્ર સરકારે ખેડુતોના ૪૮ હજાર કરોડના વીજ દેવા માફ કર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે વરસોથી બાકી રહેલા કૃષિ વિજળી ના બાકી લેણાં માફ કરવાનો ઐતિહાસિક નિર્ણય જાહેર કર્યો છે. આ પહેલ હેઠળ, ખેતી ક્ષેત્રના ૭.૫ હોર્સપાવર સુધીના કૃષિ વિજળી જોડાણો સાથે જોડાયેલા આશરે રૂપીયા ૪૮ હજાર કરોડના બાકી લેણા છે તે માફ કરવામાં આવશે. મુખ્યમંત્રીએ નોંધ્યુ કે રાજય સરકાર ખેડુતોને પુરતી અને અવિરત વિજળી પુરી પાડવા માટે સતત પ્રયાસ કરી રહી છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ઉલ્લેખ કર્યો કે સૌર કૃષિ વાહિની અને કૃષિ પંપ પહેલ જેવી યોજનાઓ દ્વારા હાલમાં લગભગ ૭૬ ટકા ખેડુતો સુધી વિજળી પહોચી રહી છે અને સરકાર નજીકના ભવિષ્યમાં રાજયના તમામ ખેડુતોને વિજળીની સુવિધા પુરી પાડવાનો હેતુ ધરાવે છે. તેમણે એમ પણ કહ્યુ કે સરકારી રેકોર્ડમાં મોટી સંખ્યામાં ખેડુતોના નામ સામે વરસો જુના વિજળીના બાકી લેણા છે. આવા બાકી લેણા ખેડુતો પર સતત નાણાંકીય દબાણ લાવે છે અને વસુલાતની કાર્યવાહીનો સતત ભય પેદા કરે છે. ખેડુતોના વીજ બીલના બાકી લેણા માફ કરવા સંબંધે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એવી



સ્પષ્ટતા કરી હતી કે આ માફીનો નાણાંકીય બોજ, મહારાષ્ટ્ર ની જાહેર જનતા પર નહી પડે. રાજયની વિજળી વિતરણ કંપનીને ટેકો આપવા માટે, સરકારે કૃષિ વિજળી ખર્ચને આવરી લેવા માટે સબસીડી તરીકે રૂપીયા ૨૫ હજાર કરોડની વાર્ષિક બજેટ જોગવાઈ કરી છે.

# માંજલપુર પેટા ચુંટણીના પ્રચાર કરવા નિકળેલા ભાજપના ઉમેદવાર સતિષ પટેલ વિરૂધ્ધ સ્થાનિકોનો રોષઃ સફાઈ મુદ્દે મહિલાઓની ઉગ્ર રજુઆત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડોદરાની માંજલપુર વિધાનસભા પેટા ચુંટણીનો પ્રચાર હવે ગરમાયો છે. આ દરમિયાન ભાજપના ઉમેદવાર સતિષ પટેલને પ્રચાર દરમિયાન સ્થાનિકોનો વિરોધનો સામનો કરવો પડયો હતો. તરસાલી વિસ્તારના રહીશોએ સફાઈ સહિતની સ્થાનિક સમસ્યાઓને લઈને ઉગ્ર રજુઆત કરી હતી. માંજલપુર વિધાનસભાની પેટા ચુંટણીને લઈને ભાજપના ઉમેદવાર સતિષ પટેલ પ્રચાર માટે તરસાલી વિસ્તારની એક સોસાયટીમાં



પહોચ્યા હતા. આ દરમિયાન સ્થાનિક રહીશોએ તેમને ઘેરી લઈને ભારે હોબાળો કર્યો હતો અને વિસ્તારની સફાઈ તેમજ મુળભુત સુવિધાઓ અંગે કડક પ્રશ્નો પુછયા હતા. રહીશોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે વોટ માંગવા અને ચુંટણી પ્રચાર માટે તો નેતાઓ આવે છે, પરંતુ વિસ્તારની સફાઈ સમસ્યાઓના ઉકેલ માટે કોઈ દેખાતુ નથી. સ્થાનિકોએ ગંદકી, સફાઈની અછત અને અન્ય નાગરીક સુવિધાઓને લઈને પોતાની નારાજગી વ્યકત કરી હતી. દરમિયાન વાતાવરણ થોડા સમય માટે ગરમાયુ હતું. સ્થાનિકોના આક્ષેપ વચ્ચે ઉમેદવાર સતિષ પટેલે નાગરીકોની વાત સાંભળવાનો પ્રયાસ કર્યો અને સ્થિતિ સમજાવવાનો પ્રયાસ કર્યો હોવાનુ જાણવા મળ્યુ હતું. ચુંટણીના માહોલ વચ્ચે આ ઘટનાએ ફરી એકવાર સ્થાનિક પ્રશ્નો અને જનસુવિધાઓને ચુંટણીના કેન્દ્રમાં લાવી દીધા છે. પેટા ચુંટણીના પ્રચાર વચ્ચે ઉભી થયેલી આ સ્થિતિએ સ્પષ્ટ કર્યુ છે કે મતદારો હવે માત્ર વચનો નહી પરંતુ વિસ્તારના પ્રશ્નોના અસરકારક ઉકેલની અપેક્ષા રાખી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે એકતરફ કેન્દ્રીય ગૃહમંત્રી આજે રથયાત્રા બાદ સંગઠન અને સરકાર વચ્ચે કલાસ લેવા જઈ રહ્યા છે અને ચુંટણીની તૈયારીઓ કરી રહ્યા છે. તો બીજી તરફ સ્થાનિકોનો રોષ હજુ પણ ઓછો થતો નથી. તેને લઈ આવનારી વિધાનસભાની ચુંટણીઓમાં આ રોષ વધુ ઉગ્ર બને તો નવાઈ નહી.

# રાજય ફાર્મસી કાઉન્સિલની મહત્વપૂર્ણ એડવાઈઝરીઃ કોલેજ પ્રવેશ પહેલા પીસીઆઈની માન્યતા ચકાસવી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલ દ્વારા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે માર્ગદર્શિક પ્રસિધ્ધ કરવામાં આવી છે. ફાર્મસી અધિનિયમ ૧૯૪૮ ની જોગવાઈઓ હેઠળ રચાયેલી આ કાઉન્સિલની કાર્ય પ્રણાલી કાયદાકીય નિયમોનુ ચુસ્ત અમલીકરણ કરે છે. તેથી ફાર્મસી ક્ષેત્રે પ્રવેશ ઈચ્છતા ઉમેદવારોએ પ્રવેશ લેતા પહેલા તમામ નિયમોની ચકાસણી કરવી આવશ્યક છે.




**ધો.૧૨ ની પરીક્ષા સરકાર માન્ય બોર્ડ માં થી જ પાસ કરેલી હોવી જોઈએ : યોગ્ય માન્યતા મળી છે કે નહી તેની અચુક ચકાસણી કરી લેવી**

અધિનિયમની જોગવાઈઓ અનુસાર ડીપ્લોમાં ઈન ફાર્મસી અથવા ડીગ્રી ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીએ માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા ફિઝિકસ, કેમેસ્ટ્રી અને બાયોલોજી અથવા મેથેમેટીકસ ના વિષયો સાથે પાસ કરેલી હોવી ફરજીયાત છે. આ બાબતે ખાસ સ્પષ્ટતા કરવામાં આવે છે કે વિદ્યાર્થીએ ધોરણ ૧૨ ની પરીક્ષા સરકાર માન્ય બોર્ડમાંથી જ પાસ કરેલી હોવી જોઈએ. જો કોઈ વિદ્યાર્થી અમાન્ય બોર્ડમાંથી ધોરણ ૧૨ પાસ કરીને ફાર્મસી કોલેજમાં પ્રવેશ મેળવશે તો તેનો અભ્યાસ પૂર્ણ થયા બાદ પણ ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલ દ્વારા રજીસ્ટ્રેશનને પાત્ર ગણાશે નહી. ધોરણ ૧૨ ના પરીણામો જાહેર થયા બાદ ફાર્મસી વિદ્યા શાખામાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ વચ્ચે ખુબ સ્પર્ધા જોવા મળે છે. આ સંજોગોમાં ગુજરાત કે ગુજરાત બહારની કોઈપણ કોલેજમાં પ્રવેશ લેતા પહેલા, તે સંસ્થાને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા (પીસીઆઈ) દ્વારા યોગ્ય માન્યતા મળી છે કે નહી તેની અચુક ચકાસણી કરી લેવી. આ ઉપરાંત જે તે કોલેજમાં કાઉન્સિલ દ્વારા મંજુર કરવામાં આવેલી બેઠકોની સંખ્યા કરતા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો પણ અમાન્ય ગણાશે. જો કોઈ વિદ્યાર્થી ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયાની મંજુરી વગરની સંસ્થામાં પ્રવેશ મેળવશે, મંજુર બેઠકો કરતા વધુ બેઠકો પર પ્રવેશ લેશે અથવા જે સંસ્થાની પરીક્ષા લેતી ઓથોરીટીને પીસીઆઈ ની મંજુરી ન હોય તેવી જગ્યાએ અભ્યાસ કરશે તો તેવા વિદ્યાર્થીઓને ફાર્માસીસ્ટ તરીકેનુ રજીસ્ટ્રેશન મળવાપાત્ર રહેશે નહી. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ ફાર્મસી કોલેજોની અધિકૃત યાદી કાઉન્સિલ ની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

# વડોદરા રેલવે અકસ્માતઃ દીકરીઓ માટે કોલ્ડ્રિંક લેવા ઉતરેલા પિતાને અકસ્માત નડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા રેલવે સ્ટેશન પર મુસાફરો માટે ચેતવણીરૂપ એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. ચાલુ ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરતા એક મુસાફરનો પગ લપસતાં તેઓ ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેની જગ્યામાં ફસાઈ ગયા હતા. ઘટનામાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. રેલવે સ્ટાફ અને સુરક્ષાકર્મીઓની સમયસરની કામગીરીને કારણે મુસાફરનો જીવ બચી ગયો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, ઈજાગ્રસ્ત મુસાફરની ઓળખ સુરેશ ઉંડેરિયા, રહેવાસી મુંબઈ તરીકે થઈ છે. તેઓ પરિવાર સાથે ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. વડોદરા રેલવે સ્ટેશન પર ટ્રેન થોડા સમય માટે ઉભી રહેતાં તેઓ પોતાની દીકરીઓ માટે કોલ્ડ્રિંક અને દહીં ખરીદવા પ્લેટફોર્મ પર ઉતર્યા હતા. આ દરમિયાન ટ્રેન અચાનક રવાના થઈ જતાં સુરેશભાઈ સામાન સાથે દોડીને ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જોકે ઉતાવળમાં તેમનો પગ લપસી જતાં તેઓ ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેની ગેપમાં ફસાઈ ગયા હતા. ઘટનાને જોઈ પ્લેટફોર્મ પર હાજર મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ રેલવે સ્ટાફ, આરપીએફ અને અન્ય સુરક્ષાકર્મીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. બચાવ ટીમે ઝડપી કામગીરી હાથ ધરી મુસાફરને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. અકસ્માતમાં તેમના પગમાં ગંભીર ઈજાઓ થતાં તેમને તરત જ વડોદરાની એસએસજી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના બાદ રેલવે તંત્રએ મુસાફરોને ફરી એકવાર અપીલ કરી છે કે ટ્રેન ચાલુ થઈ જાય પછી તેમાં ચઢવાનો કે ઉતરવાનો પ્રયાસ ન કરવો. થોડા સમયની ઉતાવળ જીવલેણ અકસ્માતનું કારણ બની શકે છે. મુસાફરોએ હંમેશા ટ્રેન સંપૂર્ણ રીતે ઉભી હોય ત્યારે જ ચઢવું અને ઉતરવું જોઈએ. વડોદરા સ્ટેશન પર બનેલી આ ઘટના અન્ય મુસાફરો માટે પણ ચેતવણીરૂપ છે. રેલવે તંત્ર દ્વારા વારંવાર આપવામાં આવતી સુરક્ષા સૂચનાઓનું પાલન કરવામાં આવે તો આવા ગંભીર અકસ્માતોને ટાળી શકાય છે. મુસાફરોની સુરક્ષા માટે જાગૃતિ અને સાવચેતી બંને એટલી જ જરૂરી હોવાનું આ ઘટનાએ ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે.

# DCP નકુમ ધ્વારા સુપ્રિમ કોર્ટ, હાઈકોર્ટના હુકમોનું જાહેરમાં વારંવાર ઉલ્લંઘન? છતાં ન્યાયતંત્ર ચૂપ!!

## DCP નકુમને રાજય સરકારે તાજેતરમાં જ પ્રમોશન આપી IPS લેવલે પહોંચાડયા છે. ત્યારે મોટું પોલીસ બળ સાથે હોવા છતાં જાતે શંકાસ્પદ આરોપીઓને જાહેરમાં ફાટકારવા પાછળનું પ્રયોજન શું?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેરમાં DCP તરીકે SOG શાખામાં ફરજ બજાવતા રાજદીપ નકુમ તેમના વર્તનના કારણે છેલ્લા દોઢ બે મહિનાથી ચર્ચામાં છે. તા.૩૦/૦૫/૨૦૨૬ના રોજ સુરત શહેરના વેડ રોડ ઉપર આવેલ નાસિર નગરના મકાનો તોડવામાં સૌથી મોટું પીઠબળ રાજદીપસિંહ નકુમે પૂરું પાડેલ છે. તેઓની ફરજ ના હોવા છતાં બનાવના સ્થળે પહોંચી જઈ બિલ્ડર સાથેના મેળાપીપણામાં અંગત લાભ માટે ભૂંડી ભૂમિકા ભજવેલ છે. સુરત મ.ન.પા એ બળજબરીપૂર્વક નાસિરનગર ના ૧૫૦ જેટલા મકાનો ધ્વસ કરાવેલ છે. તે સમયે મકાનોના માલિકોને જ્યારે હાઈકોર્ટમાં જવું હોય તો જાવ તેવી ખુલ્લી ધમકી પણ તેઓએ આપેલ હતી. હાલ આ બાબત ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. અને નામદાર હાઈકોર્ટ ધ્વારા જેઓના મકાનો તોડી પાડવામાં આવેલ છે તેઓને ન્યાય મળશે.

હાલ સુરત શહેરના સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ હિંસક હુમલાની ઘટનામાં કેટલાક આરોપીઓને SOGની ટીમ ધ્વારા પકડવામાં આવેલા અને તેઓને જાહેરમાં સરઘસ કાઢીને SOGના DCP નકુમ ધ્વારા દંડાથી માર મારી રહ્યા છે એવા દ્રશ્યો સોશિયલ મીડિયા પર ફરતા થતાં તે અંગે ઉઠેલા સવાલોમાં પોલીસનું આ વર્તન કેટલા અંશે વ્યાજબી કહેવાય? કોઈ ગુનેગારને સજા કરવાનો અધિકાર માત્રને માત્ર અદાલતને છે. ત્યારે આ DCP નકુમ કઈ સત્તાના આધારે આરોપીઓને બેરહેમીથી મારી રહેલ છે. કોઈ આરોપીનો ગુનો સાબિત થાય તે પહેલા પોલીસ આવો અત્યાચાર ગુજારે તે જરા પણ વ્યાજબી નથી.

ગુજરાત રાજયના હાલના પોલીસ વડાએ જાહેર નિવેદન કરી આરોપીઓના વરઘોડા કાઢવા અને તેઓને જાહેરમાં હાથકડી પહેરાવીને કે માર મારવા અંગે ચેતવણી આપેલ છે. છતાં સુરત શહેરનો આ બનાવ જોતાં એમ લાગે છે કે SOG ના DCP નકુમ ધ્વારા પોલીસ વડાના અપાયેલા આદેશને જાણે કે ઘોળીને પી જવાયું હોય એમ DCP નકુમ જાતે પોતાની લાકડી ધ્વારા આરોપીઓને બેરહેમીથી મારી રહેલ છે. એ જોતાં સદર શંકાસ્પદ આરોપીઓને બેરહેમીપૂર્વક માર મારી DCP નકુમ સરેઆમ સત્તાનો દૂર ઉપયોગ કરી ઉચ્ચ અધિકારીઓના આદેશોને પણ અભરાઈએ ચડાવી રહેલાનું વિડિયોમાં સ્પષ્ટપણે દ્રશ્યમાન થઈ રહ્યું છે જે અનેક લોકોએ જોયેલ છે.

નામદાર સુપ્રિમ કોર્ટ અનેક કેસોમાં આરોપીઓના અધિકાર અંગે દબાણ કરેલ છે. અને આરોપીઓને જાહેરમાં હાથકડી પહેરાવવા કે કોર્ટમાં હાથકડી પહેરાવી લાવવા એ કાયદાનું અપમાન છે.તેમ જણાવેલ છે છતાં કેટલાક DCP નકુલ જેવા અધિકારીઓ કાયદાનો ભંગ કરી રહેલ છે. સુરત શહેરમાં રોજ ખૂન, ચોરી, બળાત્કાર જેવા બનાવો બનતા રહે છે. તેને ડામવામાં પોલીસ નિષ્ફળ ગઈ છે.

સુરત શહેરના કામરેજ રોડ લસકાણા ગામે એક નિર્દોષ છોકરીનું એકતરફી પ્રેમમાં પાગલ થયેલ યુવાને જાહેરમાં ગળું કાપીને હત્યા કરી આ છોકરીને બચાવવા કોઈએ હિંમત કરી નહીં અને લોકો વિડીયો ઉતારતા રહ્યા. રાજયના ગૃહમંત્રીએ આરોપીને ફાંસીની સજા આપવામાં આવશે એવી ખોટી ખોટી જાહેરાતો કરી. પરંતુ આજદિન સુધી આ શાસનમાં કોઈને ફાંસી આપવામાં આવેલ નથી.

DCP નકુમ વિરુધ્ધ ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી થયેલ છે. સામાજિક સેવા સંસ્થા વિકાસ ગ્રાહક સુરક્ષા સંશોધન કેન્દ્ર દક્ષિણ ગુજરાતના પ્રમુખ છગનલાલ મેવાડા ધ્વારા જાહેર નાગરિકોના હક્કો માટે રાજદીપસિંહ નકુમ જેવા અધિકારીના ગેરવર્તાવ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં PIL કરવાનું નક્કી કરેલ છે.

રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી કાયદા અને વ્યવસ્થા જાળવવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. જ્યાં ગુજરાતનું કોઈ એવું નાનામાં નાનું ગામ નહીં હોય કે ત્યાં કાયદાના ધજિયા નહીં ઉડતા હોય? અને ગુનાઓ રોજ રોજ બની રહ્યા છે. સરકારે પણ કાયદામાં રહેવું જોઈએ. અને કાયદાનું પાલન કરવું જોઈએ. જો કાયદામાં રહેશો તો જ ફાયદામાં રહેશો. હાલ સત્તામાં છો સત્તા ક્યારે જતી રહેશે તે નક્કી નથી. માટે કાયદા આગળ સૌ સરખા નાગરિક છો. એ ના ભૂલાવું જોઈએ.

# પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકના બગડતાં સ્વાસ્થય પર આખો દેશ ચિંતા વ્યક્ત કરી રહ્યો છે

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજે સોનમ વાંગચુકની અનિશ્ચિત ભૂખ હળતાળનો ૧૯ મો દિવસ છે. અને તેમના બગડતા સ્વાસ્થય અંગે ચિંતાઓ વધી ગઈ છે.

દિલ્હીના જંતર-મંતર પર ભૂખ હળતાળ પર રહેલા વાંગચૂકે હવે સમર્થન અને પોતાનો જીવ બચાવવા માટે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. દિલ્હી હાઈકોર્ટે અરજી સ્વીકારી છે. ટેકનિકલ કારણોસર કાલે બુધવાર,૧૫ જુલાઈ ના રોજ સુનાવણી થઈ શકી નથી. જોકે, કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ જારી કરી છે.આ મામલાની સુનાવણી આવતીકાલે થવાની અપેક્ષા છે.

અરજીમાં જણાવવામાં આવેલા મુખ્ય મુદ્દાઓઃ- બે દિવસમાં મૃત્યુનું જોખમ. કાર્યકર્તા અને વકીલ રાકેશ કુમાર સૈની ધ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં દાવો અત્યંત નાજુક બની ગઈ છે.

જો ભૂખ હળતાળ ચાલુ રહે તો આગામી બે દિવસમાં તેમનું મૃત્યુ થઈ શકે છે. ૮.૫ કિલો વજન ઘટાડવુંઃ આંદોલનના આયોજકોના જણાવ્યા અનુસાર,૨૮મી જૂનથી શરૂ થયેલા ઉપવાસ પછી સોનમ વાંગચૂકે આશરે ૮.૫ કિલો વજન ઘટી ગયું છે.

બળજબરીથી ખોરાક આપવાની માંગઃ અરજીમાં દલીલ કરવામાં આવી છે કે વાંગચુકનો જીવ બચાવવો આ સમયે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેથી, તેમની ઈચ્છા વિરુધ્ધ પણ તેમને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવા જોઈએ. અને નસમાં ( ૧ જ) ટ્યૂબ ધ્વારા જરૂરી પોષક તત્વો, વિટામિન અને ખનિજો આપવામાં આવે. અરજીમાં કહેવામા આવ્યું છે કે , જો તેમને કંઈ થાય તો તે દેશ અને વિશ્વ માટે ખૂબ જ શરમજનક બાબત હશે.

સરકાર સામે ગંભીર આરોપો PILમાં સરકાર પર પોતાની જવાબદારીથી છટકી જવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. અરજદારે જણાવ્યુ છે કે સરકાર વાંગચુક સાથે એવું વર્તન કરી રહી છે જાણેકે તે "કટ્ટર ગુનેગાર, આંતકવાદી અથવા દેશદ્રોહી" હોય અને વહીવટી તંત્ર તેમના સ્વાસ્થયની ચિંતા કરતું નથી. અરજીમાં જણાવાયુ છે કે શાંતિપૂર્ણ વિરોધ અને ભૂખ હળતાળ એ નાગરિકોનો લોકશાહી અધિકાર છે.

# સોનમ વાંગચુક નો જીવ બચાવવા ગમે તે કરોઃ ભુખ હડતાળ પર ઉતરેલા સોનમ વાંગચુક ને લઈ કેન્દ્ર ને હાઈકોર્ટનો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

લદ્દાખ ને વિશેષ દરજ્જો અને નીટ યુજી ગોટાળા મુદ્દે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે પર્યાવરણવાદી સોનમ વાંગચુક ની ભુખ હડતાળ ૧૯ માં દિવસે પહોચી છે. દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને વાંગચુક નો જીવ બચાવવા તાત્કાલીક તબીબી સહાય પુરી પાડવા આદેશ કર્યો છે. કોર્ટે સરકારી ડોકટરોની ટીમને તેમના સ્વાસ્થ્ય પર સતત દેખરેખ રાખવા જણાવ્યુ છે.

લદ્દાખ ને વિશેષ દરજ્જો અપાવવા અને નીટ યુજી ની એકઝામમાં થયેલા ગોટાળા બાદ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે પર્યાવરણવાદી સોનમ વાંગચુક ની ભુખ હડતાળ ૧૯ માં દિવસે પ્રવેસી છે. તેમની બગડતી તબિયતને ધ્યાનમાં રાખીને દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને કડક આદેશ આપ્યો છે કે વાંગચુકનો જીવ બચાવવા માટે જે પણ તબીબી સહાયની જરૂર હોય તે સરકાર દ્વારા તાત્કાલીક પુરી પાડવામાં આવે, હાઈકોર્ટે સરકારી ડોકટરોની ટીમ ને તેમની તબિયત પર સતત દેખરેખ



રાખવા જણાવ્યુ છે. આ સાથે જ કોર્ટે સ્પષ્ટ કહ્યુ છે કે વિરોધ પ્રદર્શન વચ્ચે તેમના સ્વાસ્થ્ય અને જીવનની સુરક્ષા પ્રાથમિકતા હોવી જોઈએ. આ પહેલા વાંગચુકે એક વિડીયો સંદેશ જારી કરી જણાવ્યુ હતુ કે તેમની તબિયત એટલી ગંભીર નથી કે મૃત્યુનુ જોખમ ઉભુ થાય.

# બંગાળની ખાડીમાં ફરી લો-પ્રેશર સક્રિય થતા ગુજરાતને થશે ફાયદોઃ વાતાવરણ બદલાય તેવી શકયતા

પ્રતિનિધિ,ગાંધીનગર

અષાઢી મહિનો બેસી ગયો છે. ત્યારે ગુજરાતના અનેક જિલ્લાઓ એવા છે જયાં અત્યાર સુધી વરસાદનો છાંટોય વરસ્યો નથી. હકીકતમાં ચોમાસાના વિલંબથી આગમન બાદ મેઘરાજા મનમુકીને વરસ્યા હતા.

ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં તો મેઘ કહેરની માફક પૂર જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી. જો કે છેલ્લા એકાદ અઠવાડીયાથી પવનનુ જોર વધતા જ વરસાદે વિરામ લઈ લીધો હતો. પરંતુ હવે પવનની ગતિમાં ઘટાડો થશે. આ સાથે જ બંગાળની ખાડીની સક્રિય સિસ્ટમ ફરીથી ગુજરાતને ઘમરોળશે, આ અંગે વિગતો આપતા જાણીતા હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે અત્યાર સુધી પવનની ગતિના કારણે વરસાદની ગતિવિધિઓ અટકી ગઈ હતી. જે હવે વેગ પકડી શકે છે. આજે અષાઢી બીજ થી પવનની ગતિમાં ઘટાડો થવાની સાથે જ ગુજરાતમાં વરસાદ માટે સાનુકુળ સ્થિતિ સર્જાઈ શકે છે. આ ઉપરાંત અરબસાગરમાં મોન્સુન ઓફ શોર ટ્રફ સક્રિય વરસાદનો પોઝેટીવ ફેઝ જોવા મળી રહ્યો છે. આ તમામ કારણોસર આગામી ૨૦ જુલાઈ સુધી ગુજરાતના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા વરસી શકે છે. પરંતુ હાલ ભારે વરસાદ પડવાની કોઈ સંભાવના નથી. વધુમાં હવામાન નિષ્ણાંતે જણાવ્યુ હતુ કે અત્યારે બંગાળની



ખાડીમાં લો પ્રેશર સર્જાયુ છે. જે ઉત્તર ભારત તરફ ફંટાવવાનુ હોવાથી ગુજરાતને આ સિસ્ટમનો સીધો લાભ નહી મળે, આમ છતાં ગુજરાત માટે એક સારા સમાચાર એ છે કે ૨૩ જુલાઈની આસપાસ બંગાળની ખાડીમાં વધુ એક લો પ્રેશર સક્રિય થઈ શકે છે. આ નવી સિસ્ટમનો ટ્રફ ગુજરાત તરફ રહે તેવી પુરેપુરી શકયતા છે. જેના પરીણામે તારીખ ૨૫ થી ૩૧ જુલાઈ દરમિયાન ગુજરાતમાં ભારે વરસાદનો રાઉન્ડ આવી શકે છે. આ રાઉન્ડમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત , કચ્છ અને પશ્ચિમ સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદનુ જોર વધારે રહેશે. જુલાઈ બાદ ઓગસ્ટમાં પણ એક પછી એક વરસાદી સિસ્ટમો આવે તેવી સંભાવના છે. જેના પરીણામે ગુજરાતમાં ઓગસ્ટ દરમિયાન પણ સારો વરસાદ રહી શકે છે.